જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો
સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ
પ્રેસ પ્રતિનિધિઓ
નિમવાના છે.
સુરત :- ૧૬૧, શિવઓમનગર,
મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૧૮-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

બીજા તબક્કા માટેની ચૂંટણીને લઈ તૈયારી પૂર્ણ કરાઈ : આજે મતદાન

તમામ જગ્યાએ સાવચેતીના તમામ પગલા લેવાયા : કરોડો મતદારો તેમના ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર : મજબુત સલામતી વ્યવસ્થા

નવીદિલ્હી

૧૭મી લોકસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા જારી રહી છે. ૧૧મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયા બાદ હવે આવતીકાલે ગુરૂવારના દિવસે બીજા તબક્કામાં મતદાન યોજાનાર છે. બીજા તબક્કામાં પણ શાંતિપૂર્ણ રીતે મતદાનને પાર પાડવા માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયાર કરી લેવામાં આવી છે. મતદારોમાં પણ અભૂતપૂર્વ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આવતીકાલે ગુરૂવારના દિવસે બીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીને આવરી લેતી ૯૬ સીટ પર મતદાન યોજાનાર છે. વિવાદાસ્પદ નિવેદન કરવા બદલ ચૂંટણી પંચે આખરે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ લાલ આંખ કરી છે જેના ભાગરૂપે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન માયાવતી અને સમાજવાદી પાર્ટીના નેતા આજમખાન પર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. તેમના પર કેટલાક દિવસો માટે પ્રચાર ન કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. આવતીકાલે બીજા તબક્કામાં જે રાજ્યોમાં મતદાન યોજાનાર છે તે પૈકી તમિળનાડુમાં સૌથી વધારે ૩૮ સીટો પર મતદાન થનાર છે. કર્ણાટકમાં ૧૪, મહારાષ્ટ્રમાં ૧૦, ઉત્તરપ્રદેશમાં આઠ, આસામ, બિહાર અને ઓરિસ્સામાં પાંચ પાંચ સીટો પર મતદાન થનાર છે. આવી જ રીતે છત્તિસગઢ અને બંગાળમાં ત્રણ ત્રણ સીટ પર મતદાન થનાર છે. જમ્મુ કાશ્મીરમાં બે સીટ પર મતદાન થનાર છે. મમિપુર, ત્રિપુરા અને પોન્ડીચેરીમાં એક એક સીટ પર મતદાન થશે. ચૂંટણી પ્રચારનો મંગળવારના દિવસે અંત આવ્યો હતો. બીજા તબક્કા માટે ચૂંટણી પહેલા પ્રચારમાં ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાજનાથ સિંહ, તેમજ કેન્દ્રિય પ્રધાનોએ જવાબદારી સંભાળી હતી. જેમાં ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણનો સમાવેશ થાય છે. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ તમામ તાકાત લગાવી દીધી હતી. બીજા તબક્કાની ચૂંટણીમાં અનેક મોટા માથા મેદાનમાં રહેલા છે જેમાં કેન્દ્રિય પ્રધાન જુઆલ ઓરમ, સદાનંદ ગૌડા, રાધાકૃષ્ણન, પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડા, કોંગ્રેસના નેતા વિરપ્પા મોઈલી, રાજ બબ્બર, નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂખ અબ્દુલ્લા, ભાજપના હેમા માલિની, ડીએમકેના દયાનિધી મારન, કાનીમોઝી અને એ રાજાનો સમાવેશ થાય છે. ઓરિસ્સામાં લોકસભાની પાંચ સીટોની સાથે ૩૫ વિધાનસભા સીટ માટે પણ મતદાન યોજાનાર છે. મુખ્યપ્રધાન નવીન પટનાયક પોતે પણ મજબુત ગઢમાંથી મેદાનમાં છે. લોકસભા સીટ માટે પાંચ મહિલા ઉમેદવાર પણ મેદાનમાં છે. વિધાનસભામાં ૨૫ મહિલા ઉમેદવારો મેદાનમાં દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થઈ ચુક્યુ છે. હવે બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે.

ડીએમકે નેતા કાનીમોઝીના આવાસ ઉપર વ્યાપક દરોડા

તમિળનાડુમાં ૩૯ લોકસભાની સીટ ઉપર આવતીકાલે મતદાન થનાર છે ત્યારે ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ ડીએમકેના નેતા કાનીમોઝીના આવાસ ઉપર જોરદાર દરોડા પાડતા ખળભળાટ મચી ગયો છે. મોટી માત્રામાં રોકડ રકમ હોવાની માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. કાનીમોઝી તુતીકોરિન લોકસભા બેઠક ઉપરથી ડીએમકેના ઉમેદવાર છે. ડીએમકેના પ્રમુખ એમકે સ્ટાલિને ચૂંટણીના બે દિવસ પહેલા જ પાડવામાં આવેલા દરોડાની કાર્યવાહીને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આક્ષેપ કરતા કહ્યું છે કે, ચૂંટણીને પ્રભાવિત કરવાના હેતુસર આવકવેરાના અધિકારીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બીજા તબક્કામાં રાજ્યની ૩૯ લોકસભા અને ૧૮ વિધાનસભા ચૂંટણી માટે ગુરુવારના દિવસે મતદાન થનાર છે.

રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશમાં આંધી-તૂફાનથી મૃતાંક વધીને ૩૫

સમગ્ર ઉત્તરભારતમાં ચક્રવાતી વાવાઝોડું ફુંકાયું : જોરદાર નુકસાન થયું

જયપુર, ભોપાલ

અરબી દરિયા અને બંગાળના અખાતમાં આવેલા નરમ અને ઠંડા પવનની વચ્ચે ટક્કરના કારણે મંગળવારે મોડી રાત્રે ચક્રવાતી તોફાન આવી જતા ભારે નુકસાન થયુ છે. જેના કારણે હજુ સુધી ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થયા છે. મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. નુકસાનને લઈને આંકડાની ખાતરી કરવામાં આવી રહી છે. પ્રચંડ વાવાઝોડા અને વરસાદના કારણે સૌથી વધુ મધ્યપ્રદેશમાં ૧૬, ગુજરાતમાં નવ અને રાજસ્થાનમાં ૬થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. લઘુત્તમ તાપમાનમાં અને મહત્તમ તાપમાનમાં જોરદાર ફેરફારની સ્થિતિ જોવા મળી છે. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઝાલાવાડમાં ચાર બાળકોના મોત અને ઉદયપુરમાં બેના મોત થયા છે. આંધી તૂફાનમાં મધ્યપ્રદેશમાં મોતનો આંકડો ૧૬ ઉપર પહોંચ્યો છે. જો કે આને લઈને સત્તાવાર વિગત જાહેર કરવામાં આવી નથી. ભારે વરસાદ, કરા પડવાના કારણે ભારે ઉત્તેજના છવાઈ ગઈ હતી. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત તેમજ ઉત્તરપ્રદેશ સહિત જુદા જુદા રાજ્યોમાં ભારે નુકસાન થયુ છે. એમ કહેવામાં આવે છે કે એકલા રાજસ્થાનમાં જ તોફાનના કારણે ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે. ભારે વરસાદ અને તોફાનના કારણે ઉત્તર ભારતમાં તાપમાનમાં જોરદાર ઘટાડો થયો હતો.ઝડપી પવન ફુંકાવવાના કારણે સેંકડોની સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થયા હતા. તોફાનના કારણે કેટલાક વાહનોને પણ નુકસાન થયુ છે. વીજળીનો પુરવઠો ખોરવાઈ ગયો છે.

પાટીદારોનું ૨૧મીએ સંમેલન કરાશે : રાજકીય ઉત્તેજના વધી

અમદાવાદ

દેશની હાઈપ્રોફાઈલ બેઠકોમાંની એક એવી ગાંધીનગર લોકસભા બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ચૂંટણી લડી રહ્યા છે. ઘણા લાંબા સમયથી આ વિસ્તારના પાટીદાર મતદારો અમિત શાહથી નારાજ હોવાની ચર્ચા ચાલી રહી છે, ત્યારે તા.૨૩ એપ્રિલના મતદાન પૂર્વે તા.૨૧ એપ્રિલના રોજ અમદાવાદના ઉમિયા કેમ્પસમાં લવ-કુશ પાટીદાર સંમેલન યોજાવામાં આવી રહ્યું છે. આ સંમેલનમાં લોકસભા ચૂંટણીમાં પાટીદાર મતદારોના મતદાન અંગેની ચોક્કસ રણનીતિ ઘડવામાં આવે તેવી શકયતા છે. આ સંમેલનમાં ગાંધીનગર લોકસભામાં રહેતા પાટીદાર મતદારોને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા છે. જેને લઈ પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા રૂ.૩૦ હજાર ભરીને ઉમિયા કેમ્પસ(સોલા)નો એક હોલ ભાડે રાખવામાં આવ્યો છે. પાટીદારોના તા.૨૧મીના આ સંમેલનને લઈ લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકીય ઉત્તેજના છવાઈ છે. ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહ સામે પાટીદાર સમાજ બે ભાગલામાં વહેંચાઈ ગયો છે. જેમાં કેટલાક પાટીદાર મતદારો એવું માની રહ્યા છે કે, સમાજે ભાજપને મત આપવા જોઈએ કારણ કે, હાર્દિક પટેલ જેવા યુવાને અનામત આંદોલનના નામે સમાજને ગેરમાર્ગે દોરી સમાજ દ્રોહ કર્યો છે. પાટીદાર સમાજ વર્ષોથી ભાજપ સાથે જોડાયેલો હતો, પરંતુ અનામત આંદોલન દરમિયાન બનેલી ઘટનાઓને કારણે સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો હતો.









કચ્છ-મોરબી લોકસભા ભાજપના ઉમેદવારની મોરબી મધ્યે વિશાળ-ભવ્ય રેલી



જે લોકો ૭૦ વર્ષો સુધી ગરીબોના બેન્ક ખાતા પણ ખોલાવી ન શકયા તે લોકો હવે ગરીબોના ખાતામાં પૈસા જમા કરવાની વાતો કરે છેઃ વિનોદ ચાવડા

આંતરિક અને બ્રાહય સુરક્ષામાં, સાથે જ શ્રેષ્ઠ કુટનીતિ દ્વારા અનેક રાષ્ટ્રોસાથે મૈત્રી અને આર્થિક સબંધો, દુશ્મન દેશોને એકલા અટુલા પાળી ''આંતકવાદ'' વિરોધ અભિયાનમાં 'મોદીના નેતૃત્વમાં ભાજપના અભૂતપૂર્વ કાર્યકાળના ઉદારણીય દાખલાઓ સાથે લોકસભા ભાજપ ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ મોરબી મધ્યે ભવ્ય રોડ શો દરમ્યાન જણાવ્યુ હતું કે, પ્રવેશવાદ, જ્ઞાતી-જાતિ ધર્મના સમીકરણોમાં પ્રજાને વહેચી સમાજ સેવા અને રાજનીતિ નામે રાજકીય ઠગો પ્રજાને એક જુથ કરવાને બદલે વિભાજિત કરી રહ્યા છે. અને રાષ્ટ્રીય પ્રવાહથી વંચિત રાખવામા જ આ કોંગ્રેસ અને પ્રાદેશીક પાર્ટીઓનું રાજકીય ભવિષ્ય છે તે વાસ્તવિકતા છે. સ્વસ્થ સમાજને મજબૂત સરકારની અપેક્ષા છે નહીં કે મજબૂર,ગઠબંધન સરકાર તેવું વિનોદ ચાવડાએ જણાવ્યુ હતું .જયારે કેન્દ્રમાં પૂર્ણ બહુમત વાળા શાસનો આવ્યા છે ત્યારે રાષ્ટ્ર સર્જન તથા રાષ્ટ્ર નિર્ણયના ઐતિહાસિક સંકલ્પો સિધ્ધ થઈ શકયા છે.

આજે સ્વરોજગાર માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અંતર્ગત એક કરોડથી વધુ યુવાનોને પ્રશિક્ષિત કરવામાં આવેલ છે.સ્ટેન્ડપ અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાના માધ્યમથી સ્વરોજગાર પર વધુ લક્ષ્ય-નાના ઉધોગશીલોને ૧૪૬૫ કરોડ મુદ્રા લોન આપવામાં આવેલ છે. કચ્છમાં પણ ૨૮૯૦૭ લોકોએ પ્રધાન મંત્રી મુદ્રા યોજનાનો લાભ લીધેલ છે.કચ્છમાં પ્રધાનમંત્રી જનધન યોજનાના ૪,૩૫,૪૫૬ અને મોરબીમાં ૧,૬૬,૫૧૭ પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત ૨,૨૨,૫૩૭ લોકોએ અને મોરબી-માળીયા વિસ્તારમાં ૯૩,૫૩૩ તેમજ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ કચ્છમાં ૭૦,૨૩૦ લોકોએ અને મોરબી-માળીયા વિસ્તારમાં ૩૪,૮૬૨ લોકોને લાભ મળેલ છે. તેવી જ રીતે કેન્દ્ર સરકાર દ્વારા ૬ કરોડ એલ.પી.જી. ગેસ કનેક્શન નિઃશુલ્ક આપવામાં આવ્યા છે. જેમાં કચ્છમાં ૭૫,૦૦૦ થી વધુ ગેસ કનેક્શન અને મોરબી માળીયામાં ૫૬,૭૧૩ પરિવારોમાં ગેસ કનેક્શન આપવામાં આવેલ છે.

સરકાર કોઈ વ્યકતી વિશેષ અથવા કોઈ જાતિ પ્રત્યે નહી પરંતુ સર્વ સમાવેશક નીતિ અનુસાર સર્વ ધર્મ સમભાવ રાખી દરેક જરૂરીયાત મંદ વ્યક્તિઓ, બીમારો , દિવ્યાંગો, નાના સીમાંત ખેડૂતોને સહાયક બનેલ છે.

ચુટણીઓ સમયે બિલાડીના ટોપની જેમ ઊભા થતાં પક્ષ અને અન્ય પક્ષોના પ્રતિનિધિઓ લોકોને ગેરમાર્ગે દોરવા પાયા વિનાના બેતુકી પ્રશ્નો ઊભા કરે છે. પરંતુ સમજુ જનતા અને મતદારો તેને ધ્યાને ન લેવાની અપીલ મોરબી માજી ધારાસભ્ય અને ભાજપના આગેવાન કાંતિભાઈ અમૃતિયાએ કરી હતી.

મોરબી ઈંડિયન મેડિકલ એશોસીએશન, બાર એશોસીએશન, અનાજ કરિયાણા મંડળ,સિરામિક અને ઘડિયાળ ઉદ્યોગ આગેવાનો,વિવિધ સમાજો અને સંગઠનો સાથે બેઠકો યોજી હતી. જન સંપર્ક દરમિયાન કાન્તિભાઈ અમૃતિયા, પ્રદીપભાઈ વાળા, જ્યોતિસિંહ જાડેજા, પ્રગ્નેશભાઈ વાઘેલા, હસુભાઈ પંડ્યા, રિસીપભાઈ કેલા, એ.પી. જેસ્વાણી સહ બહોળી સંખ્યામાં તેમની સાથે કાર્યકરો જોડાયા હતા.

ગાંધીધામ એલ.સી.બી.એ તડીપાર ઈસમને પકડી પાડયો



પરીક્ષિતા રાઠોડ SP પૂર્વ કચ્છ, ગાંધીધામનાઓ તરફથી આગામી સમયમા લોકસભાની ચુંટણી યોજનાર હોય જે શાંતિપુર્ણ યોજાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તડીપાર ઈસમો ચેક કરી મળી આવ્યે કાયદેસર કરવા સૂચના મળેલ હોય એલ.સી.બી પૂર્વ કચ્છની ટીમ કાર્યવાહી માટે પ્રયત્નશીલ હતી. તે દરમ્યાન તડીપાર ઈસમ ભચુ મોમાયા કોળી (રહે.ઘણીથર તા.રાપર)વાળો પોતાના ગામમાં હાજર છે.તેવી હકીકત મળતા મજકુરને ચેક કરતા હાજર મળી આવેલ હોય મજકુર મહે એસ.ડી.એમ. ભચાઉના હુકમ અન્વયે અત્રેના જિલ્લામાંથી બે વરસ માટે હદપાર કરાયેલ હોય તેમ છતાં હાજર મળી આવતા મજકુરે જી.પી.એકટ.કલમ ૧૪૨ મુજબ ગુનો કરેલ હોય કાયદેસરની કાર્યવાહી કરી આડેસર પો.સ્ટે.ને વધુ કાર્યવાહી માટે સોંપેલ છે.

આ કામગીરીમાં એમ.એસ. રાણા પીએસઆઈ એલ.સી.બી., તથા એલ.સી.બી. સ્ટાફનાં હરપાલસિંહ જાડેજા, દલસીંગભાઈ કાનાણી, મહેન્દ્રસિંહ.બી.જાડેજા જોડાયેલ હતા.

એનટીપીસી કવાસમાં અગ્નિશમન સેવા સપ્તાહની ઉજવણી કરાઈ

સુરત

એનટીપીસી કવાસ પરિયોજનામાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષાબળ દ્વારા ૧૪થી ૨૦ એપ્રિલ ૨૦૧૯ના રોજ અગ્નિશમન સેવા સપ્તાહ મનાવવામાં આવી રહ્યું છે. અગ્નિ શમન સેવા સપ્તાહની શરૂઆત ૧૪મી એપ્રિલના રોજ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ દ્વારા મુખ્ય અતિથિ સંજય દાતે, અપર મહાપ્રબંધક (ઓ એન્ડ એમ) નાયબ કમાન્ડર અનિલકુમાર આસિસ્ટન્ટ કમાન્ડર ફાયર અને ઉપસ્થિત વ્યકતઓએ ૧૪મી એપ્રિલ ૧૯૪૪ના રોજ બોમ્બે ગોદીમાં શહીદ થયેલ અગ્નિ શમન વિભાગના કર્મચારીઓની સ્મૃતિમાં શ્રદ્ધા સુમન અર્પિત કરીને કરવામાં આવી હતી. આ અઅવસરે સંજય દાતે અપર મહાપ્રબંધક (ઓ એન્ડ એમ)ના હાથે અગ્નિ અને બચાવ સંબંધી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

૧૪મી એપ્રિલ ૨૦૧૯થી શરૂ થયેલ અગ્નિ શમન સેવા સપ્તાહના ઉપલક્ષ્યમાં આજે ૧૩મી એપ્રિલ ૨૦૧૯ના રોજ મોરા ગામની પ્રાઈમરી સ્કૂલમાં સવારે ફર્સ્ટ એન્ડ ફાયર ફાઈટિંગ ટ્રેઈનિંગ અંતર્ગત જીવંત ફાયર પ્રદર્શનનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણમાં પ્રાઈમરી સ્કૂલના ૨૧૨ વિદ્યાર્થીઓ, ૬ કર્મચારીઓ અને ગ્રામણીઓ ભાગ લીધો હતો. પ્રશિક્ષણ દરમિયાન કેન્દ્રીય ઔદ્યોગિક બળ દ્વારા રસોઈ ગેસનું સુરક્ષિત સંચાલન અને આગની ઘટના રોકવા માટે ઘરે વીજળીના ઉપકરણો સુરક્ષિત ઉપયોગ બાબતે પણ માહિતી આપવામાં આવી હતી.

ભારતીય ચલણની બનાવટી નોટોના ગુન્હામા નાસતો ફરતો અશોક રેલીયા ગેંગનો સાગરીત રમેશ ઉર્ફે જુનાગઢી રણછોડભાઈ પટેલને ઝડપી પાડતી એલ.સી.બી ટીમ



પોલીસ મહાનીદેશક ગુજરાત રાજય, ગાંધીનગરનાઓની નાસતા ફરતા આરોપી પકડવાની ઝુંબેશ શરુ હોય જેથી અશોક કુમાર નાયબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ, ભાવનગરનાઓએ બોટાદ જીલ્લાના આવા નાસતા ફરતા ગુન્હેગારો પકડી પાડવા કડક સુચના આપેલ હોય જે અનુસંધાને બોટાદ પોલીસ અધીક્ષક હર્ષદ મહેતાની સુચનાથી પોલીસ ઈન્સપેકટર એલ.સી.બી એચ.આર.ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ બોટાદ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૦૩/૨૦૦૪ ઈ.પી.કો. ક. ૪૮૯ (એ)(સી)(ડી), ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી રમેશ ઉર્ફે જુનાગઢી રણછોડભાઈ પટેલ રે. મુળ ગામ મહોબતપરા ગામ તા. કુતીયાણ જી. પોરબંદર વાળો વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલ ભીલાડ-સરીગામમાં રહેતો હોવાની એલ.સી.બી કચેરીના પો.હેડ.કોન્સ રામદેવસિંહ દેવુભા મોરી ને ચોક્કસ હકિક મળેલ હોય જે માહિતી આધારે તેઓ તથા એલ.સી.બી શાખાના હેડ.કોન્સ ભગવાનભાઈ એસ.ખાંભલા તથા પો.કોન્સ તરૂણભાઈ ડી. ખોડીયા ને ભીલાડ સરીગામ ખાતે તપાસમા જવા રવાના કરેલ હોય જે ટીમ અને ભીલાડ-સરી ગામમાં આવી ખાનગી રાહે મજકુર ઈસમ બાબતે જરુરી માહીતી એકત્રીત કરી અને તેના રહેણાંકના સરનામા તેમજ તેના હાલના ચહેરા વર્ણન અંગેની વિગતો પ્રાપ્ત કરી મજકુરના રહેણાંક મકાનની આજુ બાજુ વોચ ગોઠવવામાં આવેલ અને મજકુર મળી આવતા મજકુર ઈસમ ઉપરોક્ત ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી હોય તે જ ઈસમ હોય જેની સંપુર્ણ ખાતરી થઈ જતા બોટાદ એલ.સી.બી કચેરી ખાતે લાવી ધોરણસર અટક કરી ગુન્હાના કામે આગળની કાર્યવાહી માટે બોટાદ પો.સ્ટે ખાતે સોંપી આપેલ છે.

આ કામગીરીમા સામેલ અધીકારી/કર્મચારીની ટીમ-

આ કામગીરીમા પોલ્વીસ અધિક્ષક હર્ષદ મહેતા ની માર્ગદર્શન મુજબ એલ.સી.બી શાખાના પો.ઈન્સ એચ.આર. ગોસ્વામીની સુચનાથી એલ.સી.બી સટાફના હેડ.કોન્સ ભગવાનભાઈ ખાંભલા, રામદેવસિંહ મોરી, તથા પો.કોન્સ તરૂણભાઈ ખોડીયા વિ. એ કરેલ છે.

હીટવેવથી બચવા ભારે તડકામાં કામ કરવાનું ટાળવું આવશ્યક છે

લૂથી બચવાના હાથ વગા ઉપાયો

વલસાડ

હવામાન વિભાગની સુચના અનુસાર આવનાર દિવસોમાં તાપમાન વધવાની સંભાવના છે. જે ધ્યાકને તમામ કન્સભટ્રકસન સાઈટો તેમજ જેઓ ભારે તડકામાં કામ કરવા સાથે સંકળાયેલા છે, તેઓના કામના સમયમાં ફેરફાર કરી બપોરે ૧૨ થી ૩ કલાક સુધી બહાર/ભારે તડકામાં કામ નહીં કરવા સંબધિત કોટ્રાકટર તથા જાહેર જનતાને નિવાસી અધિક કલેકટર વલસાડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

હીટ વેવથી બચવા ગરમીમાં બહારથી આવ્યાધ બાદ શરીરનું તાપમાન નીચે આવે ત્યાવર બાદ જ નહાવું, શકય હોય તો ઘરની બારી-બારણા સાથે ખસની પટ્ટી પાણી છાંટી બાંધી રાખવી. ભારે તડકામાં બહાર નીકળવાનું ટાળો, ભીના કપડાથી માથું ઢાંકી રાખો, સુતરાઉ ખુલતા કપડા પહેરો, ભરપુર પાણી પીઓ. બાળકો માટે કેસુડાના ફુલ અને લીમડાના પાનનો ઉપયોગ કરવો. ઓ.આર.એસ, લીંબુ પાણી, મોળી છાશ, તાળફળી, નારીયેળ પાણી, ખાંડમીઠાનું દ્રાવણ વગેરે પુષ્કોળ પ્રમાણમાં પીવું જોઈએ.

લૂ લાગવાથી બચવાનો ઘરઘથ્થુ ઉપચાર - ૧૦ નંગ કાળી દ્રાક્ષ આખી રાત પલાળી રાખો, સવારે આ પાણી પીવા અને દ્રાક્ષ ખાવાથી લૂ લાગવાથી બચી શકાય છુ. લૂ લાગવાના લક્ષણો જણાય તો સત્વ રે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ.

કડોદરામાં પરિણીતાના મોઢા પર પ્રેમીયુવકે તેજાબ નાખતા ચકચાર

પરિણીતાનો કૌટુંબિક દિયર સાથે પ્રેમ સંબંધ હતો

કડોદરા

કડોદરામાં સીએનજી પંપ પાસે સર્વિસ રોડ પર પરપ્રાંતિય મહિલા ઉપર ગતરાત્રે કૌટુંબિક દિયરે વહેમમાં તેજાબ નાખી મોઢાના ભાગે ગંભીર ઈજાગ્રસ્ત કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

ઘટના અંગે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કડોદરાના શાંતિનગર ખાતે રહેતા સુનીતાદેવી રામરાજ મિશ્રા ઉ.વ. ૩૨ નામની મહિલા સીએનજી પંપ પાસે ને.હા. નં. ૪૮ પર સર્વિસ રોડ હતા ત્યારેત મની સાથે પ્રેમસંબંધ ધરાવતો સત્યજીત વિક્રમજીત મિશ્રા (રહે. શાંતિનગર રૂમ નં. ૧૩) નામના કૌટુંબિક દિયરે તેણીનો પ્રેમસંબંધ બીજા સાથે હોવાનો વહેમ રાખી તેણીના મોઢા ઉપર તેજાબ નાખી કપાળ તથા હોઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી ગયો હતો. બનાવ અંગે સુનીતા મિશ્રાએ કડોદરા પોલીસ મથકમાં સત્યજીત મિશ્રા વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ધારાધોરણ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મોઢા પર એસીડ છાંટી દેવાતા ગંભીર રીતે દાઝી ગયેલી મહિલા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી.

આંગડીયા પેઢીઓ હંગામી ધોરણે બંધ કરેલું કામકાજ ફરી શરૂ કરાયું

સુરત ડાયમંડ એસો.એ મધ્યસ્થી કરતા કામકાજ પુનઃ શરૂ

સુરત

ચૂંટણી આચારસંહિતાને કારણે ગુજરત અને મુંબઈમાં આંગડિયા પેઢીઓમ ચેકિંગ કમગીરીને લઈને કનડગત થતી હોવાથી આંગડીયા પેઢીઓ દ્વારા હંગામી ધોરણે આંગડીયા સેવાઓ બંધ કરી દેવામાં આવેલ હતી. જેને કારણે ડાયમંડના પાર્સલની રવાનગી અટકી ગઈ હતી. આ સંદર્ભે સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખ બાબુભાઈ ગુજરતીએ સતત આંગડીયા એસોસીએશનના પ્રમુખ સંપર્કમાં રહી આંગડીયા સેવા શરૂ રહે તેવા પ્રયત્ન કર્ય હતાં અને રાબેતા મુજબ શરૂ થઈ ગયેલ છે. આંગડીયા પેઢીઓને મુશ્કેલી ન પડે અથવા તો તંત્ર દ્વારા ખોટી રીતે હેાનગતિ ન થાય તે મટે પ્રમુ બાબુભાઈ ગુજરાતીએ સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. પ્રમુખ બાબુભઈ ગુજરાતીના સહયોગ અને તેમની વિનંતિને માન આપી આંગડીયા પેઢીઓ ગુજરાતમાં આજથી સેવા શરૂ કરી દીધેલ છે અને મુંબઈ માટે આંગડીયા સેવા અંગે આંગડીયા એસોસીએશનની એક મીટિંગ અમદાવાદ ખાતે મળનાર છે. ત્યારબાદ બે દિવસમાં શરૂ કરી દેવામાં આવશે. તેવી ખાતરી આંગડીયા એસોસીએનના પ્રમુખ દ્વારા આપવામાં આવી છે.

સુરત આરટીઓમાં ફોર વ્હીલ વાહનો માટે

પસંદગીના નંબરોની હરાજી

સુરત

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા મોટરીંગ પબ્લીક વાહનોના પસંદગીના નંબરો માટેઓનલાઈન હરાજી કરવામાં આવશે. ચાર ચક્રિય વાહનોના GJ05.RC, GJ05.RD, GJ05.RC, GJ05.RE, GJ05.RF, GJ05.RG, GJ05.RHના ગોલ્ડન અને સિલ્વર સિરીઝના નંબરની ઓનલાઈન હરાજી થશે. ઓનલાઈન અરજી તા.૨૪/૪/૨૦૧૯ થી તા.૨૫/૪/૨૦૧૯ દરમિયાન કરી શકાશે. જેમાં http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી ઈચ્છુક વાહન માલિકો ભાગ લઈ શકશે. હરાજીનું બિડિંગ તા.૨૫ અને ૨૬મી એપ્રિલના રોજ ઓપન થશે. તા.૨૯મી સુધીમાં ફોર્મ જમા કરવાના રહેશે.

અરજદારોએ સાત દિવસમાં ઓનલાઈન સી.એન.એ. ફોર્મ સબમિટ કરવાનું રહેશે. ફોર્મ રજૂ નહિ કર્યું હોય તો નંબરની ફાળવવા કરવામાં નહિ. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિનની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લઈ શકશે. સમયમર્યાદાની બહારની અરજીઓ રદ કરવામાં આવશે તેમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત, પાલ દ્વારા

વાતાવરણમાં પલટો અને કમોસમી વરસાદથી તાપમાનનો પારો ગગડ્યો

સુરતમાં ઠંડો પવન ફુંકાતા બળબળતા ઉનાળામાં ભારે રાહત

સુરત

વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના લીધે છેલ્લા બે દિવસથી દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર માવઠું થતા એપ્રિલ મહિનાના ત્રીજા સપ્તાહ દરમ્યાન અશહ્ય ગરમીથી હંગામી રાહત મળી રહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૭.૦૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૦ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૭ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૩.૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર દિશા તરફથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારીમાં અધિકતમ તાપમાન ૩૬.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૧.૬ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકતમ તાપમાન ૩૫.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૫ ડીગ્રી નોંધાયું છે. ઉત્તર ગુજરાતમાં થયેલ કમોસમી વરસાદ બાદ આજે શહેરમાં સવારથી ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. શહેરીજનોને ઉનાળાની ગરમી ઉકળાટ અને બફારાથી હંગામી રાહત મળી રહી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના કેટલાક પ્રાંતમાં વાવાઝોડા સાથે કરા પડતા વેસ્ટર્ન ડીસ્ટબન્સની અસર દક્ષિણ ગુજરાતમાં પણ થઈ છે. તેથી દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ધરખમ ઘટાડો થતા બળબળતા ઉનાળાના આકરા તાપમાંથી લોકોને હંગામી રાહત મળી છે.

સુરત શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત ૮૯૧.૨૯ કરોડના ૪૧ પ્રોજેક્ટો પૂર્ણ

રૂા. ૧૮૭૮.૨૪ કરોડના ૨૭ પ્રોજેક્ટોના કામો પ્રગતિ હેઠળ છે

સુરત

સુરત શહેર માટે સ્માર્ટ સિટી અંતર્ગત એરિયા ડેવલપમેન્ટ, ઈકોનોમીક ડેવલપમેન્ટ, રીનેવેબલ એનર્જી, એનવાઈરનમેન્ટ ડેવલપમેન્ટ, હેરીટેજ રીસ્ટોરેશન, એફોરડેબલ હાઉસીંગ, આઈટી કનેકટીવીટી અને ડિજીટીલાઈઝેશન, નોન-મોટોરાઈઝડ ટ્રાન્સપોર્ટ, સીવરેજ, સોલીડ-વેસ્ટ મેનેજમેન્ટ, સ્ટ્રામ-વોટર મેનેજમેન્ટ, અરબન ટ્રાન્સપોર્ટ, વોટર સપ્લાય સેકટર અંતર્ગત કુલ રૂા. ૨૯૬૮.૦૪ કરોડના ૭૪ પ્રોજેક્ટનો થનાર છે. જે પૈકી રૂા. ૧૦૦૦ કરોડ સ્માર્ટ સિટી મિશન તરફથી સુરતને ફાળવવામાં આવનાર છે.તેમજ પીપીપી ધોરણે અંદાજીત રૂા. ૭૪૬.૧૧ કરોડ તેમજ સુરત મહાનગરપાલિકાના સ્વભંડોળ સિવાય, કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિવિધ સ્કીમો હેઠળના સમન્વયથી થનાર ખર્ચ રૂા. ૭૩૧.૧૪ કરોડની રકમનો પણ સમાવેશ થયેલ છે. જે કુલ ૫ (પાંચ) વર્ષના સમયગાળામાં અમલીકરણનું કરવાનું આયોજન છે.

હાલમાં અંદાજીત રૂા. ૮૯૧.૨૯ કરોડના કુલ ૪૧ પ્રોજેક્ટસ્ પૂર્ણ થઈ ગયેલ છે. અંદાજીત રૂા. ૧૮૭૮.૨૪ કરોડના કુલ ૨૭ પ્રોજેકટ્સ કાર્યરત/ પ્રગતિ હેઠળ, અંદાજીત રૂા. ૭૪.૯૦ કરોડના કુલ ૨ પ્રોજેક્ટસ ટેન્ડર સ્કુટિની હેઠળ, અંદાજીત રૂા. ૧૦૬.૧૫ કરોડના કુલ ૦૩ પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પાડેલ છે. અંદાજીત રૂા. ૧૭.૪૬ કરોડના કુલ ૦૧ પ્રોજેક્ટ્સ ટેન્ડર લેવલે છે.

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત સુરત સ્માર્ટ સીટી એસપીવીને ભારત સરકાર તરફથી ગ્રાંટ પેટે રૂા. ૨૯૧.૭૫ કરોડ, ગુજરાત સરકાર તરફથી રૂા. ૧૪૬.૦૦ કરોડ મળેલ છે. ગત નાણાકીય વર્ષના અંત સુધી રૂા. ૧૧૯૧.૦૦ કરોડ થયેલ છે. તે અન્ય સ્માર્ટ સિટીથી થયેલ ખર્ચ કરતા સર્વાધિક છે અને રૂા. ૧૦૦૦.૦૦ કરોડથી વધુ ખર્ચ કરનાર સુરત એકમાત્ર સ્માર્ટ સિટી છે. વધુમાં વર્ષ ૨૦૧૯-૨૦માં સ્માર્ટ સિટી પ્રોજેક્ટસ અંતર્ગત અંદાજીત કુલ રૂા. ૭૦૯.૨૬ કરોડનો નાણાકીય ખર્ચ થનાર છે.

અત્યાર સુધી સ્માર્ટ સિટી મિશન અંતર્ગત કુલ એકતાળીસ (૪૧) પ્રોજેક્ટો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ સ્માર્ટ સિટી મિશનની ચોથી વર્ષગાંઠ ૨૫મી જૂન, ૨૦૧૯ સુધી વધુ રૂા. ૩૩૬.૧૧ કરોડના કુલ નવ (૯) પ્રોજેક્ટો પૂર્ણ કરવાનું આયોજન છે.

કિશોરનું વજન ઘટાડવા માતા સ્વિમિંગ કરાવા લઈ ગઈ, નજર સામે ડૂબતા ખળભળાટ

સુરત

ન્યુ સિટીલાઈટમાં ડીઆરબી કોલેજની સામે પાલિકા સંચાલિત સ્વિમિંગ પુલમાં મંગળવારે સાંજે ૧૧ વર્ષના તરૂણનું ડૂબી જતા મોત થયું હતું. આ સ્વિમિંગ પુલમાં ૪ તરવૈયાઓ તૈનાત છતાં તરૂણનું મોત થતા ગંભીર બેદરકારી સામે આવી છે. ચૈતન્ય માતા-પિતાનો એકનો એક સંતાન હતો.

મૂળ મહારાષ્ટ્રના રાયગઢના વતની અને મગદલ્લા સુમન સ્વીટમાં રહેતા વિકલભાઈ કનોજેનો ૧૧ વર્ષનો પુત્ર ચૈતન્ય તેની માતા પ્રતિભાબેન સાથે પાલિકા સંચાલિત સ્વિમિંગ પુલમાં તરતા શીખવા ગયો હતો. માતા સ્વિમિંગ પુલમાં તેને સામે બેસીને જોતી હતી. તે અરસામાં માત્ર બે મિનિટમાં ચૈતન્ય પાણીમાં ડૂબી જતા તેનું ઘટના સ્થળે મોત થયું હતું. ચૈતન્ય લોકભારતી સ્કુલમાં ધો-૫માં ભણતો હતો અને તેના પિતા સેલ્સમેન છે અને માતા ફિઝિયોથેરાપીને ત્યાં નોકરી કરે છે. ખટોદરા પોલીસે બાળકને પીએમ માટે મોકલી આપ્યો હતો.

મજૂરાગેટ સર્કલ પાસે જેરી દવા પીધેલી હાલતમાં યુવક મળતા સિવિલમાં ખસેડાયો

લેણદારોના ત્રાસના કારણે ઝેર પીધુ હોવાની યુવકે સુસાઈડ નોટ લખી

સુરત

મજૂરા ગેટ સર્કલ પાસેથી આજે સવારે એક યુવક ઝેરી પાઉડર પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. જેથી તેને ૧૦૮ની મદદથી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે જાણ થતા પરિવારજનો પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા. અને યુવક બે દિવસથી ગુમ હોવાથી શોધખોળ કરતા હોવાનું જણાવ્યું હતું. જ્યારે યુવક ગુમ થતા પહેલાં બે પાનાની સુસાઈડ નોટ મૂકીને ગયો હતો. જેમાં લેણદારોના ત્રાસથી આપઘાત કરતો હોવાનો ઉલ્લેખ કર્યો છે.

આ ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ ખડોદરા વિસ્તારમાં આવેલા ગાંધીનગર ખાતે નિતિન રતિલાલ રાણા પરિવાર સાથે રહે છે. પિતા લકવાગ્રસ્ત છે. દરમિયાન ગત સોમવારે નિતિન પિતાને મળવા આવ્યો હતો. ત્યારબાદ કંઈ કહ્યા વિના જતો રહ્યો હતો. ગત રાત્રે લેણદારો પિતાના ઘરે આવ્યા હતા. અને હોબાળો મચાવી ચાલ્યા હતા. દરમિયાન નિતિન મૂકી ગયેલી સુસાઈટ નોટ મળી આવી હતી. જેથી પરિવારજનોએ સુસાઈડ નોટ પોલીસને આપી હતી. અને શોધખોળ હાથ ધરી હતી. આજે સવારે નિતિન મજૂરા ગેટ સર્કલ પાસે ઝેપી પાઉડર પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. જેથી રાહદારીઓએ નિતિનના પરિવાર અને ૧૦૮ને જાણ કરી હતી. ત્યારબાદ ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાલ તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

યુવકે લખેલી સુસાઈડ નોટમાં લખ્યું છે કે, ''મારો મારા પરિવાર કે મારા લેણદારો માટે કોઈ એવો ખોટો ઈરાદો ન હતો કે એમાં હું ફાવી જાવ અને આ બધા ફસાઈ જાય. મારો તો એક જ હેતું હતો કે હું પણ કમાઉ અને એ લોકોને પણ કમાવી આપું. મારું આ સપનું સપનું જ રહ્યું. ન તો હું મારા પરિવારને સુખેથી રાખી શક્યો કે ન તો મારા લેણદારોને. જ્યાં સુધી કમાઈને આપ્યું ત્યાં સુધી લેણદારો પણ ખુશહતા પણ જ્યારથી હું બરબાદ થઈ ગયો કે તરત તે લેકોના વલણ પણ બદલાઈ ગયા. હું મારા લેણદારોના ત્રાસને કારણે આ પગલું ભરું છું. અને આ મારા પગલાંથી મારા પરિવારને તથા મારા લેણદારોને શાંતિ થશે. હવે મારા માટે આત્મહત્યા સિવાય કંઈ જ રસ્તો નથી. અને તેની સંપૂર્ણ જવાબદારી મારા લેણદારોના શિરે રહેશે. મને બહું જ ત્રાસ આપ્યો છે જેથી હું કંટાળી ગયો છું. મારી લાશ મળે તો પરિવારને મારી નમ્ર અરજ છે કે, મને બિનવારસી લાશમાં મારી વિધિ કરાવે. કારણ કે હું જાણું છું કે, મારી મરણક્રિયાના પૈસા પણ મારા પરિવાર પાસે નથી. બસ મારી આ અંતિમ ઈચ્છા પુરી કરજો. મેં બધાને બહું જ દુઃખ આપ્યું તે બદલ હું માફી માંગુ છું. થઈ શકે તો મને માફ કરજો'' પોલીસે આ સ્યુસાઈડ નોટ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

લીંબાયતમાં ક્રિકેટ રમવા અંગે મારામારીમાં સળીયાથી હુમલો

આધેડને સળીયા મારી દેવાતા પોલીસ ફરિયાદ

સુરત

લીંબાયત શાહપુરા ખાતે એક મજુર પર ક્રિકેટ રમવાની બાબતમાં ઝઘડો કરી લોખંડના સળીયા વડે હુમલો કરી ઈમરાન નામનો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયત શાહપુરા ખાતે મુસ્લિમભાઈ અંસારી રહે છે. તેઓ છુટક મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગતરોજ સાંજના સુમારે લીંબાયત શાહપુર ખાતે ક્રિકેટ રમવાનું ના કહેતા મુસ્લિમભાઈ ઉ.વ.૬૨ પર લોખંડના સળીયા વડે હુમલો કરી માથા તેમજ કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમણે લીંબાયત પોલીસ મથકમાં ઈમરાન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બ્રેનડેડ ભાવનાબેન સવાણીના કિડની લિવર અને ચક્ષુઓનું દાન કરાયું

મૃતકના અંગદાન થકી પાંચ વ્યક્તિઓને નવી જિંદગી મળી

સુરત

રવિવાર તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ભાવનાબેન પોતાની સોસાયટીમમતાપાર્કમાંપાડોશીને ત્યાસાંજે ૫:૦૦ કલાકે સત્સંગમાં ગયા હતા.ત્યાં ભજન કીર્તન કરતા તેઓ અચાનક ઢળી પડ્યા અને મો માંથી ફીણ નીકળતાત્યાંહાજર લોકોએ તેમનેતાત્કાલિકપી. પી. સવાણી હોસ્પિટલમાં ડૉ. સંજય વાઘાણીની સારવાર હેઠળ દાખલ કર્યા. નિદાન માટે સીટી સ્કેન કરાવતા મગજમાં ગંભીર ઈજાઓ થઈ હોવાનું નિદાન થયું હતું. પ્રાથમિક સારવાર આપ્યા બાદ ડોક્ટરની સલાહ અનુસાર વધુ સારવાર માટે INS હોસ્પીટલમાં ડૉ. અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. નિદાન માટે સીટી સ્કેન કરાવતા મગજની નસો ફાટી ગઈહોવાનું નિદાન થયું હતું. સોમવાર તા. ૧૫એપ્રિલ, ૨૦૧૯ના રોજ ન્યુરોસર્જન ડૉ.અશોક પટેલ અને ન્યુરોફીજીશિયન ડૉ.અનિરુદ્ધ આપ્ટેએ ભાવનાબેનને બ્રેઈનડેડ જાહેર કર્યા. ન્યુરોસર્જન ડૉ.અશોક પટેલેડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી ભાવનાબેનના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપી. ડોનેટ લાઈફની ટીમેહોસ્પીટલ પહોંચી ભાવનાબેનાપતિ શ્રી મુળજીભાઈ, પુત્ર ભાવિક, જેઠ તુલસીભાઈ, રામજીભાઈ, છગન ભાઈ,ભાઈ રમેશ ભાઈ માવાણી, ભત્રીજા આશિષ, જમાઈ હરેશભાઈ અવયા, ડૉ. મહેશભાઈ અવયા તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશન અંગેની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

ભાવનાબેનના પરિવારજનોએજણાવ્યુંકેઅમે સૌઅંગદાનની પ્રવૃતિથી વાકેફ છીએ અને અમારા જ પરિવારના સ્વ. પરસોતમભાઈએ પોતાનું દેહદાન કરવાનો સંકલ્પ કાર્યો હતો પરંતુ તેમનું મૃત્યુ અકસ્માતે થયું હોવાથી તેમનાં દેહદાન કરી શક્યા ના હતા. પરંતુ આજે જ્યારે ભાવનાબેન બ્રેનડેડ છે, અને તેનું મૃત્યુ નિશ્ચિત છે ત્યારે તેમનાઅંગોના દાન થકી કોઈના લાડકવાયાને નવજીવન મળતું હોય તો અંગદાન માટેઆપ આગળ વધો. પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતા નીલેશ માંડલેવાલાએ Institute of Kidney Diseases andResearch Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અનેલિવરનુંદાન લેવા આવવા માટે જણાવ્યું. અમદાવાદનીInstitute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. વિકાસ પટેલઅને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું જ્યારે ચક્ષુઓનું દાન લોક દ્રષ્ટિ ચક્ષુ બેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું. દાનમાં મેળવવામાં આવેલ કિડની પૈકી એક કિડની દાહોદના રહેવાસીઅશોક દીટાભાઈ ભુરીયા ઉ.વ. ૪૪બીજી કિડની ખાંડેલા, રાજેસ્થાનના રહેવાસી લખન નાગરમલ સંખલા ઉ.વ. ૨૬માં જ્યારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટસુરતના રહેવાસી ઘનશ્યામ દયાળ ભાઈગરં ભાઉ.વ. ૫૧માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવીઅને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

ઉધના સંજયનગર

ઝુંપડપટ્ટીમાંથી પોલીસે ૩.૭૫ લાખનો દારૂ પકડી પાડ્યો

સ્ટેટ પોલીસે ઉધનામાં દારૂ ભરેલુ ટેન્કર ઝડપી પાડતા સ્થાનિક પોલીસ દોડતી થઈ

સુરત

સ્ટેટ મોનીટરિંગ સેલે દારૂના જથ્થા સાથે ટેન્કર ઝડપી પાડતા ઉધના પોલીસ દોડતી થઈ ગઈ હતી અને ઉધના રોડ સંજયનગર ઝુંપડપટ્ટીમાં દરોડા પાડી રૂા.૩,૭૯,૨૦૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

ઉધના પોલીસે બાતમીના આધારે સંજયનગર ઝુંપડપટ્ટીમાં દરોડા પાડ્યા હતા. પોલીસે રૂા.૩,૭૯,૨૦૦ની કિંમતની ૨૦૦૪ દારૂની બોટલો અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩,૮૬,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દરોડા દરમિયાન આરોપી આકાશ પાસવાન, કમલેશ ઉર્ફે કાલુ સીતારામ યાદવ, ભરત ભાગી છુટવામાં સફળ થયા હતા. જ્યારે ઉધના પોલીસે આરોપી સોનુ ધનેશ તિવારીની ધરપકડ કરી હતી. ઉધના પોલીસે તમામ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

યુવકે પત્ની સાથેના અંગતપળના ફોટા વાઈરલ કરતા ફરિયાદ નોંધાઈ

સુરત

લિંબાયત વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતીનો બે વર્ષ પહેલાં સિટી બસમાં ડ્રાઈવર તરીકે કામ કરતા રમેશ ડમર મહંતો વર્મા સાથે સંપર્ક થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા ગત ૧૯ જાન્યુઆરીના રોજ ચોક વિસ્તારમાં આવેલા મંદિરમાં પ્રેમલગ્ન કરી લીધા હતા. દરમિયાન ગત ૧૬ ફેબ્રુઆરીના રોજ રેમશની બીમારીની દવા લેવા બંને વડોદરા ગયા હતા. અને હોટલમાં રોકાણ કર્યું હતું. દરમિયાન રમેશે અંગતપળોના ફોટો પાડી લીધા હતા.

બંને વડોદરામાં હતા તે દરમિયાન યુવતીને તેના પરિવારજનોએ સુરત બહાનું કાઢી બોલાવી લીધી હતી. અને યુવતીના પરિવારજનોએ સમાજના રીત રિવાજ પ્રમાણે લગ્ન કરી આપવા તૈયારી દર્શાવી હતી. જોકે, રમેશ પોતાના માતા-પિતા સાથે યુવતીના ઘરે આવ્યો જ ન હતો. જેથી યુવતીએ રેમશ સાથે જવાનો ઈકાર કરી દીધો હતો. અને અકળાયેલા રમેશે તેના અંગતપળોના ફોટો યુવતીના જીજાજીના ફોન પર મોકલી આપ્યા હતા. ત્યારબાદ યુવતીના નામનું ફેસબૂક આઈડી બનાવી તેના પર ફોટો અપલોડ કરી દીધા હતા. આ અંગે યુવતીએ રમેશ વિરુદ્ધ લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ હાથ ધરી છે.

લોકસભા મહાચૂંટણી પર્વમાં અમરોલી કોલેજમાં મતદાર જાગૃતિ અભિયાન

વિદ્યાર્થીઓએ અચૂક મતદાન કરવાના શપથ ગ્રહણ કર્યા

સુરત

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી એન.એસ.એસ.ના ઉપક્રમે મંગળવાર તા. ૧૬-૦૪-૨૦૧૯ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ચૂંટણી કમિશનર અને કલેક્ટર સુરત મહાનગરપાલિકાની કચેરીના સંયુકત ઉપક્રમે 'મતદાન જાગૃતિ અભિયાન' સંદર્ભમાં અમરોલી કોલેજના યુવા મતદારોને મતદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે શ્રી એચ.એચ. રાજગુરૂ (જિલ્લા શિક્ષણ અધિકારી), વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ. એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ભરતભાઈ ઠાકોર અરૂણભાઈ અગ્રવાલ (એજ્યુકેશન ઈન્સ્પેક્ટર) જયેશભાઈ ગાંધી (ડેપ્યુટી કમિશનર એસએમસી) આર. જે. વી. (બ્રાન્ડ એમ્બેસેડર, મતદાર જાગૃતિ અભિયાન) તેમજ અમરોલી કોલેજના પ્રિ. ડો. કે.એન. ચાવડા અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ભરતભાઈ ઠાકોર અને આર.જે.વીર (બ્રાન્ડ એમ્બેસેડર, મતદાર જાગૃતિ અભિયાન) દ્વારામતદાન અંગે જાગૃતિ સમાજમાં વધુને વધુ આવે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પ્રો. ડો. કે. એન. ચાવડાએ જણાવ્યું હતું કે, ભારત દેશની લોકસભાના જતન માટે દેશના તમામ નાગરિકોએ મતદાન કરવું જરૂરી છે. દેશના ભવિષ્યનો વિકાસ, શિક્ષણ અને આરોગ્યનો આધાર સરકારની પોલીસી ઉપર આધારિત હોય છે કેવી સરકાર આપણું પ્રતિનિધિત્વ કરશે તેનો નિર્ણય મતદારોએ કરવાનો હોય છે ભારત દેશને સ્વતંત્રતા અપાવવામાં જેનો મુખ્ય ફાળો તેવા સ્વાતંત્ર્ય સેનાઓનું સ્વિપ્ન સાકાર કરવા માટેની જવાબદારી આપણી છે આ ત્યારે તેજ શક્ય બને જ્યારે દેશમાં આપણું પ્રતિનિધ્ય કરતા લોકો પ્રમાણિક, નિષ્ઠાવાન, વફાદાર અને દેશપ્રેમી હોય... આવા પ્રતિનિધિઓને ચૂંટવા માટે દરેક નાગરિકે મતદાન કરવું જરૂરી છે. આ પ્રસંગે કોલેની તમામ વિદ્યાર્થિનીઓ અને કર્મચારીઓએ મતદાન કરવા માટેના શપથ લીધા હતા.

વિદ્યાર્થી સાથે શારીરિક કુચેષ્ટા કરનાર સ્વામીનારાયણ સાધુ પતિત પાવન ફરાર

પોલીસે વેડરોડ સ્થિત સ્વામીનારાયણ ગુરૂકુળમાં તપાસ કરી

સુરત

વેડરોડ સ્વામીનારાયણ ગુરુકુળના સ્વામી પતિત પાવને ગુરૂકુળમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને રૂમમાં બોલાવી હસ્તમૈથુન કરાવવાની કોશિશ સંદર્ભે વિદ્યાર્થીના પરિવારે કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સ્વામી પતિત પાવનની ધરપકડ કરવા માટે દોડધામ હાથ ધરી છે.

વેડરોડ સ્થિત સ્વામીનારાયણ ગુરૂકુળના સ્વામી પતિત પાવન સ્વામીએ ધો.૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થી સાથે અડપલા કર્યાની ઘટના સંદર્ભે કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદ સંદર્ભે પો.સ.ઈ. એ.કે. ભરવાડે આરોપી સ્વામીની ધરપકડ કરવા માટે મંદિરમાં તપાસ કરતાં આ સ્વામી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. તેમજ સ્વામીએ મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ કરી દીધો છે. કતારગામ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.કે. ભરવાડના જણાવ્યા મુજબ હાલ કેસની તપાસ ચાલી રહી છે અને આરોપી સ્વામીની ધરપકડ કરવા માટે ચક્રોગતિમાન કર્યા છે. આ અંગે મંદિરમાં પણ તપાસ કરવામાં આવતા સ્વામી પતિત પાવન મળી આવ્યા નથી.

લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા કડીવાલા સ્કૂલમાં સમર કેમ્પનું આયોજન

તા. ૩૦મી સુધી ક્રિએટીવ સાયન્સ વર્કશોપ યોજાશે

સુરત

સુરતઃ રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ હસ્તકના ગુજરાત કાઉન્સીલ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પ્રેરીત જયભારતી જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર સુરત અને સાર્વજનિક એજયુકેશન સોસાયટીના સંયુકત ઉપક્રમે સમર વેકેશન ક્રિએટીવ સાયન્સ વર્કશોપનું આયોજન જી એન્ડ જી. વી.કડીવાલા સ્કુલ ખાતે તા.૧૧ થી ૩૦ એપ્રિલ સુધીમાં કરવામાં આવ્યું છે.

પાંચમા દિવસે જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રના ડાયરેકટરશ્રી જી. એન. કાકડીયા, કડીવાલા સ્કુલના આચાર્યશ્રી સિધ્ધાથી દેગામી, ભરતભાઈદેસાઈઅને હર્ષદભાઈ આર.પટેલ, ભુવાભાઈ તથા અન્ય શિક્ષણગણ ઉપસ્થિત રહ્યા હતા. સાયન્સ સેન્ટર પરના સાયન્સ મ્યુઝીયમ ખાતે વિવિધ વિજ્ઞાનના મોડેલ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. મોડેલ્સ વિજ્ઞાન કયા સિધ્ધાંત પર કામ કરે છે તે વિષયે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તંત્રી સ્થાનેથી...

પાર્ટીઓએ તાકાત લગાવી

લોકસભા ચૂંટણી માટે મતદાનનો દોર જારી છે. પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થઈ ચુક્યુ છે હવે બીજા છ તબક્કાનુ મતદાન બાકી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પોત પોતાની રીતે એડીચોટીનુ જોર લગાવી દીધુ છે. પોત પોતાની પાર્ટીને જીત અપાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અન્ય પાર્ટીઓ પણ મતદારોને પ્રભાવિત કરવાની કોઈ તક છોડી રહ્યા નથી. દરેક પાર્ટી પોત પોતાની રીતે પાસા ફેંકી રહી છે. ભાજપ અને કોંગ્રેસ પાર્ટી આ મામલે સૌથી આગળ છે. એકબાજુ નરેન્દ્ર મોદીનુ નામ ભાજપ માટે સૌથી મોટા હથિયાર તરીકે છે. અમિત શાહ કહી ચુક્યા છે કે આજે દુનિયામાં મોદી જેવા બીજા કોઈ મોટા નેતા નથી. મોદીએ પોતે પણ આપને કેવા પ્રકારના સેવકની જરૂર છે તેવો પ્રશ્ન કરીને પોતાને નવેસરથી રજૂ કરવાની તક ઝડપી લીધી છે. મોદીએ રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યા વગર મતદારોની વચ્ચે પોતાની વાત મજબુતી સાથે રજૂ કરી દીધી છે. અગાઉની યુપીએ સરકાર દ્વારા તેમને હેરાન પરેશાન કરવાની વાત કરીને મોદીએ ઉલ્લેખ કર્યો છે કે કઈ રીતે અગાઉની સરકારના ગાળા દરમિયાન તેમને હેરાન કરવામાં આવ્યા હતા. પોતાને પિડિત તરીકે રજૂ કરીને મોદીએ કુશળતા સાથે ભાવનાત્મક મુદ્દાને પણ ચૂંટણીમાં રજૂ કરી દીધા છે. મોદીનો ભાવનાત્મક મુદ્દો આ વખતે પણ મતદારોની સમક્ષ રહેનાર છે. ભાજપને લાગે છે કે ખેતી અને ખેડુતના મુદ્દાને વિપક્ષ મોટા મુદ્દા તરીકે રજૂ કરનાર છે. જેથી આ મુદ્દા પર અલગ રીતે એક ઠરાવ રાજનાથ સિંહ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે સ્વતંત્ર ભારત બાદ કોઈ પણ સરકારે એટલા પગલા ખેડુતો માટે લીધા નથી જેટલા પગલા આ સરકાર દ્વારા ખેડુતોને મજબુત કરવા માટે લેવામાં આવ્યા છે. મોદી કારોબારીમાં આક્રમક અંદાજમાં દેખાયા હતા. તમામ મુદ્દા પર વાત કરી હતી. વડાપ્રધાન નરેનદ્ર મોદી હાલમાં તેમના અસલી અંદાજમાં દેખાઈ રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાં પ્રચારની કામગીરીમાં તમામ પાર્ટી લાગેલી છે. કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢીને મોદી કહી રહ્યા છે કે વિરોધ પક્ષો મજબુર સરકાર માટે ઈચ્છુક છે. જ્યારે દેશ અને કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે વિરોધ પક્ષો મજબુર સરકાર માટે ઈચ્છુક છે. રાષ્ટ્રવાદનો મુદ્દો મોદી જોરદાર રીતે રજૂ કરી રહ્યા છે. બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી દેશના જુદા જુદા ભાગોમાં પ્રચાર દરમિયાન ખેડુતોની લોન માફીની વાત કરી રહ્યા છે. આવી સ્થિતીમાં પાર્ટીઓ મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરી રહી છે. લોકસભાની ચૂંટણી જાહેર કરવામાં આવ્યા બાદ મોટી પાર્ટીઓ તેમના સંકલ્પ પત્ર પણ જાહેર કરીને તેમની ભાવિ યોજનાની વાત કરી ચુકી છે. કોંગ્રેસે એકબાજુ સૌથી ગરીબ લોકોને ૭૨ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરીને મોટો દાવ રમ્યો છે. જ્યારે ભાજપે રાષ્ટ્રવાદના મુદ્દા પર એક મજબુત સરકાર લાવવા માટે દાવ રમ્યો છે.

નરેન્દ્ર મોદી તેમજ રાહુલે પોતાની પાર્ટીને જીતાડીદેવા માટે એડીચોટીનુ જોર લગાવ્યુ

વિટામિન ડીની કમી સમસ્યા

વિટામિન-ડીની અછત એક સામાન્ય સમસ્યા છે. પરંતુ મોટા ભાગના લોકો આ મામલે પુરતી માહિતી ધરાવતા નથી. વિટામિન-ડીની અછતના લક્ષણ સામાન્ય રીતે ખુબ મોડેથી જાણવા મળે છે. વિટામિટ-ડીની અછત થવા માટે કેટલાક કારણો જવાબદાર હોય છે. જે પૈકી એક કારણ અપુરતા ભોજનનું પણ છે. આ ઉપરાત સુર્યના અપુરતા કિરણો પણ છે. મહિલાઓમાં આધુનિક સમયમાં તાપમાં નિકળતી વેળા સ્કાર્ફ, કોટ અને સનસ્ક્રીન લોસન લગાડવાનો ક્રેઝ જોવા મળે છે. આ ઉપરાંત ઓફિસમાં એસી રૂમમાં બેસીને કલાકો સુદી કામ કરવાનો ક્રેઝ પણ વધ્યો છે. આ તમામ કારણોસર મહિલાઓ અને પુરૂષોમાં વિટામિન-ડીની અછત જોવા મળે છે. જેથી દિવસભરમાં કોઈ સમય તાપમાં રહેવાની સલાહ નિષ્ણાંતો આપે છે. થોડાક સમય સુધી તાપમાં રહેવાથી વિટામિન-ડીની અછત કેટલીક હદ સુધી ઓછી થાય છે. વિટામિન-ડી કેટલાક ખાદ્ય ચીજવસ્તુઓમાં પણ ઉપલબ્ધ છે. જેમાં ઈન્ડા. ફિશ ઓઈલ અને ડેરી પેદાશોનો સમાવેશ થાય છે. નોન વેજિટેરિયન લોકો માટે આ પુરતા સ્ત્રોત તરીકે છે. પરંતુ વેજિટેરિયન લોકો પણ વિટામિન-ડી મિશ્રિત ભોજન લેવાથી આ અછતને દુર કરી શકે છે. શિશુ માટે માતાને દુધને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પરંતુ આમાં વિટામિન-ડી પુરતા પ્રમાણમાં નહી હોવાના કારણે કેટલીક સલાહ આપવામાં આવી છે. બાળકો અને નવજાત શિશુને વિટામિન ડી મિશ્રિત દુધ આપવામાં આવે તે જરૂરી છે. વિટામીન ડી માટેના ટેસ્ટ મુખ્ય રીતે ૨૫ હાઈડ્રોક્સી વિટામીન ડીના રીતે કરવામાં આવે છે. જોકે, વિટામીન ડીની ચકાસણી બીજી રીતે પણ કરવામાં આવે છે. આના માટે લોહી લેવામાં આવે છે.

વર્લ્ડ કપ માટે ટીમ પસંદ કરતી વેળા ચોંકાવનારો નિર્ણય ન થયો...

વિરાટ કોહલીની સેના તૈયાર થઈ



ટીમમાં એક બેટ્સમેન એવો હોવો જોઈએ જે પુરી ૫૦ ઓવર સુધી રમવાની ક્ષમતા ધરાવતો હોય : ટીમ વર્લ્ડ કપ જીતવા માટે સક્ષમ ટીમ

આઈસીસી વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગી કરવામાં આવ્યા બાદ કરોડો ચાહકોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ ટીમ વર્લ્ડ કપ જીતવા માટે સક્ષમ છે કે કેમ તેને લઈને ભારે ચર્ચા છે. ભારતીય પસંદગીકારો દ્વારા જે ટીમની પસંદગી કરવામાં આવી છે તેના કારણે કોઈને હેરાની થઈ રહી નથી. કારણ કે ધારણા પ્રમાણે જ ખેલાડીઓની પંસદગી કરવામાં આવી છે. આ ટીમમાં કોઈ આશ્ચર્યજનક નિર્ણય કરવામાં આવ્યો નથી. ટીમમાં કોઈ ચોંકાવનારા ફેરફાર કરવામાં આવ્યા નથી. સમગ્ર ટીમની પસંદગી કરતી વેળા દુવિધા તો એક બે ખેલાડીની પોઝિશનને લઈને રહેલી હતી. જો કે ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. પસંદગીકારોએ ચોથા નંબર માટે અંબાટી રાયડુ અને વિજય શંકર વચ્ચે એક ખેલાડીની પસંદગી કરી રહ્યા હતા. હવે વિજય શંકરમાં વધારે વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. બીજી બાજુ બીજા વિકેટકિપર માટે પંત અને દિનેશ કાર્તિકના નામ પર ચર્ચા ચાલી રહી હતી. જો કે દિનેશ કાર્તિકને તક આપવામાં આવી છે. વૈકલ્પિક ઓપનર તરીકે કેએલ રાહુલની પસંદગી કરવામાં આવી છે. જેને ચોથા નંબર પર અજમાવવામાં આવી શકે છે. તેનુ નામ પર સંભવિતમાં સામેલ હતુ. બાકી તમામ ખેલાડી એ છે જે છેલ્લી બે ત્રણ શ્રેણીથી રમી રહ્યા છે. થોડીક ખામી આ બાબતને લઈને દેખાય છે કે ટીમમાં કોઈ એવા ખેલાડીને સામેલ કરવામાં આવ્યો નથી. જે પુરી ૫૦ અવર સુધી બેટિંગ કરી શકે છે. ૫૦ ઓવર રમી શકે અને આક્રમક રમત પણ રમી શકે તેવી કુશળતા હાલમાં કેપ્ટન કોહલી સિવાય કોઈમાં દેખાઈ રહી નથી. ધોની પણ કેટલીક વખત આ ભૂમિકામાં રહે છે. ઈંગ્લેન્ડની વિકેટ હમેંશા બેટ્સમેનોની કસોટી કરે છે. નોકઆઉટ મેચમાં એક બેટ્સમેનની કમી નજરે પડી શકે છે. પસંદગીકારોએ પૂર્ણ ધ્યાન ઓલરાઉન્ડ પર કેન્દ્રિત કર્યુ છે. હાર્દિક પંડ્યા, વિજય શંકર, કેદાર જાધવ અને રવિન્દ્ર જાડેજા આ રોલમાં રહેલા છે. હાર્દિક છેલ્લા કેટલાક સમયથી જોરદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. તેની હાજરીમાં પાંચ બોલરની સાથે રમવાની બાબત સરળ બની જાય છે. જશપ્રીત બુમરાહ અને મોમ્મદ શામી મુખ્ય ઝડપી બોલર છે. સાથે સાથે ભુવનેશ્વર કુમાર પણ છે. છેલ્લા કેટલાક સમયથી ભારતની બહાર ઝડપી બોલર તેમની છાપ ઉભી કરવામાં સફળ પુરવાર થયા છે. અમારા સ્પીનરો પર પણ શોટ્સ રમતી વેળા વિદેશી બેટ્સમેનો ખચકાટ અનુભવ કરે છે. કેટલાક સારા ઓવર વિજય શંકર અને કેદાર પણ ફેંકી શકે છે. ઓપનિંગમાં તો શિખર ધવન અને રોહિત શર્મા બેસ્ટ જોડી છે. ધોની પણ સતત શાનદાર બેટિંગ કરી રહ્યો છે. ધોનીની હાજરીમાં વિરાટ કોહલીની તાકાત અનેક ગણી વધી જાય છે. વૈકલ્પિક વિકેટકિપર તરીકે પંત સારો દેખાવ કરતો રહ્યો છે પરંતુ દિનેશ કાર્તિક પર વધારે વિશ્વાસ કરવામાં આવ્યો છે. એક બેટ્સમેન તરીકે તેનો અનુભવ પણ કામ લાગી રહ્યો છે. આમાં કોઈ બેમત નથી કે ભારતીય ટીમ બિલકુલ સંતુલિત ટીમ છે. ભારતમાં ઓસ્ટ્રેલિયાની સામે રમાયેલી શ્રેણીને છોડી દેવામાં આવે તો ભારતીય ટીમે વિદેશમાં અને ઘરઆંગણે તમામ વર્લ્ડકપમાં જોરદાર ઈરાદા સાથે ઉતરી રહેલી ભારતીય ક્રિકેટ ટીમત્રીજી વખત વિશ્વકપ જીતવા માટે પ્રયાસ કરશે. આ પહેલા ભારતીય ક્રિકેટ ટીમે કપિલ દેવના નેતૃત્વમાં ૧૯૮૩ અને ત્યારબાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ૨૦૧૧માં વર્લ્ડકપ જીતવામાં સફળતા મેળવી હતી. આ વખતે વર્લ્ડકપ રાઉન્ડ રોબિન તરીકાથી રમાડવામાં આવશે. એટલે કે દરેક ટીમ બાકી તમામ ટીમોથી મેચ રમશે અને રાઉન્ડ રોબિન બાદ ટોપની ૪ ટીમો સેમિફાઈનલમાં પહોંચશે. આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ પાંચમી મેના દિવસે દક્ષિણ આફ્રિકાની સામે પોતાની પ્રથમ મેચ રમશે. નવમીએ શ્રીલંકા સામે ભારતીય ટીમ રમશે. આ વખતે ૧૪મી જુલાઈ ૨૦૧૯ના દિવસે આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ લોર્ડ્ઝમાં રમાશે. વર્લ્ડકપમાં કુલ ૪૮ મેચો રમાશે. પાકિસ્તાન સામે પણ ભારતીય ટીમની મેચ રમાનાર છે. વર્લ્ડ કપમાં ભારતની દાવેદારી પહેલાથી જ સૌથી મજબુત દેખાઈ રહી છે. વિરાટ કોહલી, રોહિત શર્મા, મહેન્દ્ર સિંહ ધોની જેવા ખેલાડીઓની હાજરી તાકાતને અનેક ગણી વધારી દે છે.

વર્ડ કપમાં આ વખતે ૧૦ ટીમો વચ્ચે રોમાંચક જંગ ખેલાશે

વર્લ્ડ કપને લઈને ચાહકો રોમાંચિત




વર્લ્ડ કપમાં યજમાન ઈંગ્લેન્ડ અને ટોપ સાત ટીમો સીધી રીતે પ્રવેશ કરી ગઈ છે જ્યારે બાકીની બે ટીમો અંગે ક્વાલિફાયર દ્વારા નિર્ણય કરાયો

ચૂંટણી પંચે કેટલાક નેતાઓ સામે કાર્યવાહી કરી છે. તેમના પર પ્રચારમાં ન જોડાવાનો હુકમ આપી દીધો છે, તેમ છતાં બીજા નેતાઓ સુધર્યા નથી. આવા નેતાઓને સબક શિખવાડવા માટે ચૂંટણી પંચે હજુ વધુ કડક હાથે કામ લેવાની જરૂર છે. આવા નેતાઓના માત્ર પ્રચાર પર જ નહીં, પરંતુ જે રીતે એક સમયે મહારાષ્ટ્રના સર્વેસર્વા એવા બાળાસાહેબ ઠાકરે પર મતાધિકાર છીનવીને પ્રતિબંધ મૂક્યો હતો તેવાં કડક પગલાં આવા લોકો સામે લેવા જોઈએ જેથી આ દેશમાં સાચી લોકશાહીનું નિર્માણ થઈ શકે. સરકાર, સત્તાધારી પક્ષ કે વિરોધ પક્ષ પાસેથી સાચી લોકશાહીની આશા રાખવી ઠગારી છે. આ દેશમાં લોકશાહી બચાવવા માટે હવે સૌની નજર ચૂંટણી પંચ પર છે અને ચૂંટણી પંચે લોકોની નજર પર ખરા ઊતરવા માટે આવા નેતાઓ સામે કડક હાથે કામ લઈને દાખલો બેસાડવાની જરૂર છે.

મહિલાઓને મસ્જિદમાં પ્રવેશ, સુપ્રીમે ઉઠાવેલા સવાલો આશ્ચર્યજનક

ભારતમાં લોકશાહી છે અને આપણું બંધારણ તમામ લોકોને સમાન ગણે છે. ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય, લિંગ કે બીજા કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તમામ લોકોને સમાન હક મળવા જ જોઈએ એવું આપણું બંધારણ કહે છે. કમનસીબે વાસ્તવિક રીતે એવું બનતું નથી ને ભેદભાવ થયા જ કરે છે. વિચિત્ર વાત એ છે કે, કેટલાક ભેદભાવ તો બંધારણની જ કેટલીક બીજી જોગવાઈઓના કારણે અસ્તિત્વમાં છે. આપણા બંધારણમાં કેટલીય પરસ્પર વિરોધાભાસી જોગવાઈઓ છે ને તેના કારણે ભેદભાવ થાય છે. કેટલાક ભેદભાવ ધર્મ કે બીજા કોઈ પણ નામે ઊભી થયેલી પરંપરાઓના નામે કરાય છે. પહેલાં લોકોમાં એટલી જાગૃતિ નહોતી તેથી બધું ચાલી જતું પણ હવે શિક્ષણનું પ્રમાણ વધ્યું એટલે આવા ભેદભાવો સામે લોકો બાંયો ચડાવે છે ને કોર્ટમાં તેને પડકારે પણ છે. કોર્ટ આવા ભેદભાવ દૂર પણ કરે છે ને બને એટલી સમાનતા લાવવા મથે છે.

આપણે ત્યાં ધર્મના નામે ચાલતી આવી જ પરંપરા મુસ્લિમ મહિલાઓને મસ્જિદોમાં નમાઝ પઢવા પર મુકાયેલી પાબંદી છે. બધી મસ્જિદોમાં આ પાબંદી નથી. જમાત-એ-ઈસ્લામી જેનો કારભાર કરે છે એવી મસ્જિદોમાં સ્ત્રી ને પુરૂષો કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના નમાઝ પઢવા જઈ શકે છે પણ આવી મસ્જિદોની સંખ્યા ઓછી છે. બીજા કેટલાક સંગઠનોની મસ્જિદો પણ મુસ્લિમ મહિલાઓને ભેદભાવ વિના મસ્જિદોમાં પ્રવેશની છૂટ આપે છે. જો કે ભારતમાં મોટા ભાગની મસ્જિદો સુન્ની સંપ્રદાયનાં સંગઠનોના તાબા હેઠળ છે. આ મસ્જિદોમાં મહિલાઓ નમાઝ પઢવા જઈ શકતી નથી ને પુરૂષોને જ બંદગી કરવાની છૂટ છે.

આ પરંપરા વરસોથી ચાલી આવે છે ને તેની સામે અત્યાર લગી કોઈ બોલતું નહોતું કેમ કે ધર્મના મામલે કશું પણ બોલવા જાઓ તો મોટો બખેડો થઈ જાય. જો કે હવે માહોલ બદલાયો છે ને મુસ્લિમોમાં પણ જૂની પરંપરાઓના નામે થતા ભેદભાવ ને અન્યાય સામે સુધરેલા મુસ્લિમો જ બાંયો ચડાવી રહ્યા છે. મસ્જિદોમાં મુસ્લિમ મહિલાઓને નમાઝ પઢવાની છૂટ નથી તેની સામે મહારાષ્ટ્રના પુણેના એક મુસ્લિમ દંપતીએ બાંયો ચડાવી છે ને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી નાંખી છે.

યાસ્મીન અને ઝુબેર અહમદ પીરઝાદા નામના આ દંપતીએ અરજી કરી છે કે, મસ્જિદોમાં મુસ્લિમ મહિલાઓને નમાઝ નથી પઢવા દેવાતી એ પ્રથા ગેરબંધારણીય અને અયોગ્ય છે. આ પ્રથા મુસ્લિમ મહિલાઓના ગૌરવનું હનન જ નથી કરતી પણ મુસ્લિમ મહિલાઓને બંધારણની કલમ ૧૪,૧૫, ૨૧ અને ૨૫ હેઠળ અપાયેલા મૂળભૂત બંધારણીય અધિકારોનો પણ ભંગ કરે છે. બંધારણની કલમ ૧૪ અને ૧૫ સમાનતાનો હક આપે છે જ્યારે કલમ ૨૧ સ્વાતંત્ર્યનો હક આપે છે. કલમ ૨૫ દરેક વ્યક્તિએ ક્યો ધર્મ પાળવો તેનું સ્વાતંત્ર્ય આપે છે.

પીરઝાદા દંપતીની દલીલ એવી પણ છે કે, પવિત્ર કુરાનમાં ક્યાંય એવું લખ્યું નથી કે, મહિલાઓ મસ્જિદમાં જઈને નમાઝ ના પઢી શકે. મહંમદ પયગંબર સાહેબે મહિલાઓને નમાઝ પઢવા માટે મસ્જિદોમાં જવાની છૂટ ના હોય એવું ક્યાંય કહ્યું નથી એ જોતાં ઈસ્લામના નામે ચાલતી આ પ્રથા ખરેખર તો ઈસ્લામ વિરોધી છે. પીરઝાદા દંપતીએ પરંપરાના નામે સબરીમાલા મંદિરમાં રજસ્વલા મહિલાઓને પ્રવેશ નહોતો અપાતો તેનું પડીકું કરી નાંખ્યું તેનો હવાલો પણ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સબરીમાલા મંદિરમાં મહિલાઓને કરાતો અન્યાય દૂર કર્યો એ રીતે મુસ્લિમ મહિલાઓને મસ્જિદમાં પ્રવેશની છૂટ અપાવીને સદીઓથી થતો અન્યાય દૂર કરવો જોઈએ એવી અપીલ કરી છે. જે મસ્જિદોમાં મહિલાઓને નમાઝ પઢવાની છૂટ છે ત્યાં પણ પુરૂષો ને મહિલાઓ માટે અલગ અલગ દરવાજા હોય છે. બંને સાથે બેસીને નમાઝ નથી પઢી શકતાં ને અલગ અલગ ઠેકાણે નમાઝ પઢવી પડે છે. આ અન્યાય પણ દૂર થવો જોઈએ એવી પણ બંનેએ સુપ્રીમ કોર્ટને અરજ કરી છે.

સુપ્રીમ કોર્ટે સબરીમાલા મંદિરના ચુકાદાના આધારે આ અરજી દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, સેન્ટ્રલ વકફ કાઉન્સિલ વગેરે લાગતાંવળગતાં બધાંને નોટિસ આપી છે. આ મુદ્દો ધર્મ સાથે સંકળાયેલી પ્રથાને લગતો છે તેથી ધર્મના જાણકારોનો અભિપ્રાય માગવામાં આવે તેમાં કશું ખોટું નથી. મુસ્લિમ મહિલાઓના બંધારણીય અધિકારોને લગતો પણ મુદ્દો છે તેથી આ કેસ મહત્ત્વનો છે પણ સુપ્રીમ કોર્ટે કેટલાક સવાલો ઉઠાવ્યા છે તેના કારણે આ કેસ રસપ્રદ બની ગયો છે.

મુસ્લિમ દંપતીએ પોતાના મૂળભૂત બંધારણીય અધિકારોનો મુદ્દો ઉઠાવ્યો છે ને તેના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે બહુ મહત્ત્વનો મુદ્દો ઉઠાવ્યો છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, કોઈ પણ વ્યક્તિના બંધારણીય હક્કોનું હનન શાસન દ્વારા થતું હોય તો સુપ્રીમ કોર્ટ તેમને આદેશ આપી શકે પણ, ચર્ચ, મસ્જિદ, મંદિર કે પછી કોઈ પણ ધર્મસ્થાનને શાસન (સ્ટેટ) ગણી શકાય ખરાં ? ને આ ધર્મસ્થાનો શાસન ના ગણાતાં હોય તો સુપ્રીમ કોર્ટ પણ તેમને આદેશ આપી શકે ખરી ? સુપ્રીમ કોર્ટે એવો સવાલ પણ કર્યો છે કે, કોઈ પણ વ્યક્તિ અન્ય વ્યક્તિઓ સામે પોતાના મૂળભૂત અધિકારો માગી શકે ખરી ? કોઈ વ્યક્તિ તમને પોતાના ઘરમાં ના ઘૂસવા દેતી હોય તો તમે પોલીસની મદદ માંગી શકો ખરા ? સુપ્રીમ કોર્ટે આ સવાલો મંગળવારે જ કરેલા પણ પીરઝાદા દંપતીના વકીલ પાસે તેના જવાબ નહોતા. સુપ્રીમ કોર્ટે એ પછી પણ ઉદારતા દાખવીને આ અરજીને દાખલ કરી કેમ કે સબરીમાલા મંદિરનો મામલો આ જ પ્રકારનો હતો ને એ કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. સ્વાભાવિક રીતે જ સુપ્રીમ કોર્ટ એક જ પ્રકારની સમસ્યામાં બે અલગ અલગ વલણ ના અપનાવી શકે તેથી તેમણે આ અરજી દાખલ કરી છે.

સુપ્રીમ કોર્ટની નોટિસના જવાબમાં મુસ્લિમોનાં સંગઠનો કે કેન્દ્ર સરકાર શું જવાબ આપે છે તે ખબર નથી પણ પીરઝાદા દંપતીએ પવિત્ર કુરાન અને પયગંબર સાહેબના નામે જે વાત કરી છે તે સાચી છે. મુસ્લિમ મહિલાઓને મસ્જિદમાં નમાઝ પઢવા માટે પ્રવેશ આપવો નહીં એવું પયગંબર સાહેબે લખ્યું નથી. પયગંબર સાહેબે તો સ્પષ્ટ રીતે મુસ્લિમ મહિલાઓ મસ્જિદમાં નમાઝ પઢી શકે એમ લખ્યું છે. પયગંબર સાહેબે એક હદીસમાં લખ્યું છે કે, મને ખબર છે કે સ્ત્રીઓને મારી સાથે નમાઝ પઢવી ગમે છે પણ મારી મસ્જિદમાં નમાઝ પઢવા કરતાં તમારા વિસ્તારની મસ્જિદમાં નમાઝ પઢવી સારી, તમારા વિસ્તારની મસ્જિદમાં નમાઝ પઢવા કરતાં તમારા ઘરના વરંડામાં નમાજ પઢવી સારી, તમારા ઘરના વરંડા કરતાં ઘરમાં અંદર નમાઝ પઢવી સારી ને ઘરમાં નમાઝ પઢવા કરતાં છેક અંદરના રૂમમાં નમાઝ પઢવી સારી. મહિલાઓ માટે ઘરની છેક અંદર બેસીને નમાઝ પઢવી સૌથી શ્રેષ્ઠ છે.

આ હદીસનું અર્થઘટન એવું કરાયું કે, પયગંબર સાહેબે મહિલાઓને મસ્જિદમાં નમાઝ પઢવાના બદલે ઘરે રહીને નમાઝ પઢવા કહ્યું છે. જો કે ઈસ્લામના જાણકાર કેટલાક વિદ્વાનોનો મત તેનાથી જુદો પડે છે. તેમના કહેવા પ્રમાણે, પયગંબર સાહેબે સ્પષ્ટ રીતે મહિલાઓ પોતાના વિસ્તારની મસ્જિદમાં નમાઝ પઢી શકે તેમ કહ્યું જ છે. તેમણે મહિલાઓને પોતાના ઘરના અંદરના ભાગમાં નમાઝ પઢવા કહ્યું તેનું કારણ સલામતી છે. પયગંબર સાહેબ સાતમી સદીમાં થઈ ગયા ને એ વખતે અરાજકતા તથા અંધાધૂંધીનો માહોલ હતો. મહિલાઓ બહાર નીકળે તો તેમના પર જોખમ હોય એ સંજોગોમાં તેમની સલામતી જળવાય એ ખાતર પયગંબર સાહેબે તેમને ઘરની અંદર બેસીને નમાઝ પઢવા કહ્યું હશે. જો કે આ મુદ્દે બીજી હદીસ પણ છે ને તેનું અર્થઘટન પણ અલગ અલગ થાય છે.

જો કે આ કેસમાં મુખ્ય મુદ્દો સુપ્રીમ કોર્ટે ઉઠાવેલા મુદ્દા છે. સુપ્રીમ કોર્ટે ધર્મસ્થાનોને બંધારણના મૂળભૂત અધિકારો હેઠળ આવરી શકાય કે નહીં ને તેમને પોતે આદેશ આપી શકે કે નહીં તેવો સવાલ કર્યો છે. આ સવાલ ખરેખર વિચિત્ર છે કેમ કે સબરીમાલા કે શનિદેવના મંદિર સહિતનાં ધર્મસ્થાનોમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધને લગતા વિવાદમાં સુપ્રીમ કોર્ટે આ સવાલ નહોતા ઉઠાવ્યા. એ વખતે સુપ્રીમ કોર્ટે માત્ર મૂળભૂત બંધારણીય અધિકારો અને સમાનતાના આધાર પર ચુકાદો આપ્યો હતો. બાકી એ વખતે પણ આ મુદ્દો હતો જ કેમ કે સબરીમાલા કે શનિદેવનું મંદિર પણ અંતે તો ધર્મસ્થાન જ છે. હવે અચાનક સુપ્રીમ કોર્ટને આ સવાલ થયો એ જોઈ આશ્ચર્ય થાય છે. સાથે સાથે એક ડર પણ લાગે છે. માનો કે સુપ્રીમ કોર્ટ એવો ચુકાદો આપે કે, ધર્મસ્થાનોને સુપ્રીમ કોર્ટ આદેશ ના આપી શકે તો શું થાય એ સમજવું જરૂરી છે. એ સંજોગોમાં ધર્મસ્થાનોને પોતાની રીતે વર્તવાની છૂટ મળી જાય ને સબરીમાલા સહિતના ચુકાદા નકામા થઈ જાય.

આશા રાખીએ કે એવું ના થાય.

બ્રિટને રાજસ્થાનની પણ માફી માગવી જોઈએ

૧૯૧૯ના જલિયાંવાલા બાગ હત્યાકાંડને ૧૦૦ વર્ષ પૂરાં થયા એ નિમિતે એ ગોઝારી ઘટના બદલ યુકેએ માફી માગવી જોઈએ એવો એકસૂર કેટલાંક અખબારોમાં જોવા મળ્યો હતો. જોકે યુકેનાં વડાં પ્રધાન થેરેસા મેએ માફી નથી માગી, પણ એ હત્યાકાંડ બદલ ખેદ વ્યક્ત કર્યો છે. આ બાબત મીડિયામાં ચમક્યા બાદ ભારતીય ટ્રાઇબલ પાર્ટી તેમ જ રાજસ્થાનના કેટલાક આદિવાસી જૂથોએ બ્રિટને રાજસ્થાનની પણ માફી માગવી જોઈએ એવી માગણી કરી છે. અમૃતસરના જલિયાંવાલા બાગ હત્યાકાંડના સાડા પાંચ વર્ષ પહેલા (૧૭ નવેમ્બર, ૧૯૧૩ના દિવસે) બ્રિટિશ સિપાઈઓ દ્વારા રાજસ્થાનના માનગઢ નામના પહાડી વિસ્તારમાં આદિવાસીઓના નરસંહારની ઘટના બની હોવાના આક્ષેપને દોહરાવવામાં આવ્યો છે. બ્રિટિશ રેકૉર્ડ મુજબ જલિયાંવાલા બાગના સંહારમાં અંગ્રેજ જનરલ ડાયરના આદેશથી પોલીસે કરેલા ગોળીબારમાં ૩૭૯ લોકો મૃત્યુ પામ્યાં હતાં જ્યારે બિનસત્તાવાર આંકડો એક હજારની આસપાસનો હોવાનું કહેવાયું હતું. માનગઢના નરસંહારમાં તો આશરે ૧૫૦૦ આદિવાસીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

રાજસ્થાનના માનગઢ નામના પહાડી વિસ્તારમાં આ દુર્ઘટનાએ આકાર લીધો એની પાછળ ગોવિંદ ગુરુ નામના એક સામાજિક કાર્યકર્તાએ આદરેલા સામાજિક જનજાગૃતિનું અભિયાન જવાબદાર હોવાની વાત ઇતિહાસના ચોપડે નોંધાઈ છે. ભીલ તરીકે ઓળખાતી આદિવાસી પ્રજાને શાકાહાર પ્રતિ જાગરૂક કરવા તેમ જ તેમને નશામુક્ત કરવાના હેતુ સાથે આ આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. આ પહાડી વિસ્તાર રાજસ્થાન-ગુજરાતની સીમા નજીક હોવાને કારણે ગુજરાત તરફથી પણ અભિયાનને મજબૂત ટેકો મળ્યો હતો. ધીમે ધીમે 'લોગ જુડતે ગયે ઔર કારવાં બનતા ગયા' એ ન્યાયે મોટી સંખ્યામાં આદિવાસીઓ એમાં જોડાઈ ગયા. અંગત જીવનમાં સુધાર લાવવાની સાથે સાથે લોકોમાં બ્રિટિશ શાસનની દમનકારી નીતિ પ્રત્યે પણ જાગરુકતા લાવવાનું કામ પણ આ અભિયાનને કારણે શક્ય બન્યું હતું. ઇતિહાસના ચોપડે નોંધાયેલી વિગતો પ્રમાણે બાંસવાડા, સંતરામપુર, ડુંગરપુર તેમ જ કુશલગઢના રજવાડાઓ દ્વારા લોકો પાસે કાળી મજૂરી કરાવીને નગણ્ય વળતર આપવામાં આવતું હતું. ગોવિંદ ગુરુએ આદિવાસીઓને એ વિશેની યોગ્ય સમજણ આપીને આ અન્યાય-અત્યાચાર સામે અવાજ ઉઠાવવાનો યજ્ઞ શરૂ કર્યો. મજૂરીની રકમમાં વધારો કરવાની માગણી સામૂહિક સ્વરૂપ ધારણ કરીને બળવત્તર થઈ રહી હોવાનું સ્થાનિક જમીનદારોએ નોંધ્યું અને બ્રિટિશ શાસનની મદદથી એને ડામવાની કોશિશ કરી હોવાનું માનવામાં આવે છે. બ્રિટિશરોએ મજૂરી પેટે જે મામૂલી રકમ આપવાની ઑફર કરી હતી જે ભીલ લોકોને મંજૂર નહોતી. આદિવાસીઓ નમતું જોખવા તૈયાર નહોતા. એ સમયે 'ઓ ભુરતિયા નઈ માનુ રે નઈ માનુ' (ઓ અંગ્રેજો, અમે તમારી સામે ઘૂંટણિયે નહીં પડીએ) એવું ગીત ગણગણતા હતા. આ આંદોલન ધીરે ધીરે મજબૂત બની રહ્યું હતું જે જોઈને અંગ્રેજોના પેટમાં તેલ રેડાયું અને એને હવે કોઈ પણ ભોગે કચડી નાખવું પડશે, નહીંતર એકત્રિત શક્તિ જો સામે થાય તો એના માઠાં પરિણામ ભોગવવા પડશે એ પ્રકારના વિચારો તેમના મનમાં દોડવા લાગ્યા. એને માટે કુટિલ રણનીતિ અપનાવવામાં આવી. સૌપ્રથમ તો ભીલોને ૧૫ નવેમ્બર, ૧૯૧૩ સુધીમાં માનગઢ ખાલી કરવાની ચેતવણી આપવામાં આવી. જોકે, મેલી રમત સમજી ગયેલા આદિવાસીઓએ સાફ ઇનકાર કરી દીધો. એમને ગુરુ ગોવિંદની નિષ્ઠામાં પૂરી શ્રદ્ધા હતી. એમની નિશ્રામાં રહેવાથી જીવન બદલાશે એવો એમને વિશ્વાસ હતો. અલબત્ત ૧૭મી નવેમ્બર, ૧૯૧૩નો દિવસ આદિવાસીઓ માટે ગોઝારો સાબિત થયો અને અત્યાચારી હુમલામાં સેંકડો આદિવાસીઓ મોતને ભેટ્યા. માનગઢના એક ભીલ જે આ હીચકારા હુમલામાંથી ઊગરી ગયા હતા તેમણે તેમના પુત્રને કહેલી વાત રેકૉર્ડમાં ઉપલબ્ધ છે. એમણે આપેલી માહિતી પ્રમાણે અંગ્રેજો ખચ્ચર લઈને આવ્યા હતા અને એમની પીઠ પર તોપના કદની મોટી બંદૂકો ગોઠવી હતી જેથી વધુમાં વધુ લોકો મરણને શરણ થઈ જાય. લોકોની હત્યા કરવા ઉપરાંત કાયમ માટે ફફડાટ તેમના મનમાં પેસી જાય એ તેમનો ઇરાદો હતો. જોકે, ગોળીબારથી થતો હુમલો કઈ રીતે અટક્યો એનો એક હૃદયદ્રાવક કિસ્સો ઇતિહાસના ચોપડે નોંધાયો છે. બ્રિટિશરો સાથેની ચર્ચા બાદ પણ આદિવાસીઓ વિસ્તાર ખાલી કરવા તૈયાર ન થયા એટલે અંધાધૂંધ ગોળીબાર શરૂ કરવામાં આવ્યો હતો. આ હિચકારા કૃત્ય દરમિયાન એક બ્રિટિશ ઑફિસરનું ધ્યાન એક બાળક પર ગયું જે એની માતા અવસાન પામી હોવા છતાં સ્તનપાન કરવાની કોશિશ કરી રહ્યો હતો. એના કાળજાએ પણ એ દૃશ્ય જોઈને કંપારી અનુભવી હશે અને તેણે ગોળીબાર અટકાવી દેવાનો આદેશ આપ્યો અને નરસંહાર અટક્યો.

અલબત્ત કેટલાક લોકો હુમલાથી બચી ભાગી જવામાં સફળ રહ્યા હતા. એ વિસ્તારની ભૂગોળથી વાકેફ હોવાને કારણે તેઓ ગુફામાં સંતાઈને રહ્યા અને અંગ્રેજો તેમને ન મારી શક્યા કે ન પકડી શક્યા. બધું થાળે પડી ગયા પછી તેઓ ઘરે પાછા ફર્યા હતા. જોકે, આ નરસંહારે એવો ફફડાટ પેદા કર્યો હતો કે દેશને સ્વતંત્રતા મળ્યા પછીના કેટલાક દાયકાઓ સુધી ભીલ લોકો ડરના માર્યા માનગઢના પર્વત પર જવાની હિંમત નહોતા કરતા.

ગુજરાત વન વિભાગ દ્વારા થોડા સમય પહેલા 'ગોવિંદ ગુરુ ધ ચીફ ઍક્ટર ઑફ ધ માનગઢ રિવોલ્યુશન' નામનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હોવાની માહિતી છે. એ પુસ્તકમાં નરસંહારનું આયોજન કેવી રીતે થયું અને એ કેવી રીતે પાર પડ્યો એની વિગતો આપવામાં આવી છે. આ પુસ્તક તૈયાર કરવા માટે ઇતિહાસકારો તેમ જ સંશોધનકર્તાઓની મદદ લેવામાં આવી હતી. આ હુમલામાં મોટી સંખ્યામાં ભીલ માર્યા ગયા અને આશરે ૯૦૦ની ધરપકડ કરવામાં આવી હતી. ગોળીબાર થવા છતાં આ ભીલો માનગઢ છોડવા તૈયાર નહોતા. આંદોલનના પ્રણેતા ગોવિંદ ગુરુની ધરપકડ કરવામાં આવી હતી. એમના પર કેસ કરવામાં આવ્યો અને એમને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. જોકે, એમની અફાટ લોકપ્રિયતા અને જેલમાં સારો વ્યવહાર જોઈને ૧૯૧૯માં એમને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા હતા. અલબત્ત એમના સમર્થકો હતા એ વિસ્તારમાં એમના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ ગુજરાતના કંબોઈ ગામમાં તેઓ રહેવા લાગ્યા હતા અને ૧૯૩૧માં તેમનું અવસાન થયું હતું. આજની તારીખમાં પણ કંબોઈમાં ગોવિંદ ગુરુની સમાધિ છે અને એમના અનુયાયીઓ એના દર્શને આવી માથું ટેકવતા જોવા મળે છે. આવું પ્રભાવી વ્યક્તિત્વ હતું એમનું.

સૌપ્રથમ ૧૯૯૦ના દાયકામાં આ નરસંહારની જાણકારી જનતાને મળી હતી. ત્યાં સુધી દેશની મોટા ભાગની જનતા એનાથી અજાણ હતી. ૨૦૧૩માં આદિવાસીઓની આ શહીદીની ૧૦૦મી વરસી વખતે ૨૦૧૩માં માનગઢ પર્વત પર ગોવિંદ ગુરુના નામ પરના બૉટનિકલ ગાર્ડનનું ઉદ્ઘાટન તત્કાલીન ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. એ સમયે ગુરુજીના પ્રપૌત્ર માનસિંહનું સન્માન કરવામાં આવ્યું હતું. એ ઉદ્ઘાટન સમારોહમાં એંસી હજારથી વધુ ભીલની સંખ્યા ઊમટી હોવાની નોંધ છે.

રાજસ્થાનના માનગઢના નરસંહારની વિગતો વધુ પ્રકાશમાં આવ્યા બાદ બ્રિટને માફી માગવી જોઈએ એવી માગણી ઉપરાંત બીજી પણ કેટલીક બાબતોની રજૂઆત થઈ છે. માનગઢ જ નહીં, બ્રિટિશ શાસનકાળમાં બીજાં કયાં આંદોલનોને દબાવી દેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા એનું વ્યાપક સ્તરે સંશોધન થઈ શકે એ માટે સરકારે ભંડોળ ફાળવવું જોઈએ એવી માગણી કરવામાં આવી છે જે યોગ્ય છે. હા, જલિયાંવાલા બાગના હત્યાકાંડને વ્યાપક પ્રસિદ્ધી મળી છે એ ખરું, પણ એ પ્રકારની અન્ય ઘટનાઓ પર પણ ધ્યાન દોરવાવું જોઈએ.

લોકસભા ચૂંટણી ૨૦૧૯: મેગા બજેટ ફિલ્મોને થશે નુકસાન, ૭૦ ટકા ઘટશે બોક્સ ઓફિસ



મુંબઈ

લોકસભા ચૂંટણી ૧૧ એપ્રિલથી શરૂ થઈ ચૂકી છે. દરેક તરફ મતદાનની ચર્ચાઓ છે અને સામાન્ય લોકોથી માંડીને બોલીવુડ સુધી દરેક જગ્યાએ ચૂંટણીની વાતો થઈ રહી છે. આ ચૂંટણી માહોલમાં રિલીઝ થઈ રહેલી ફિલ્મોને નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. ગત અઠવાડિયે રિલીઝ થયેલી ફિલ્મોનો બિઝનેસ ખૂબ ઓછો રહ્યો છે. આ અઠવાડિયે રિલીઝ થઈ રહેલી મેગા બજેટ ફિલ્મ 'કલંક'ને પણ નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

વરિષ્ઠ પત્રકાર કુમાર મોહનનું માનવું છે કે ફિલ્મોનો બિઝનેસ ૭૦% ઘટી ચૂક્યો છે. એક તરફ ચૂંટણી અને બીજી તરફ આઈપીએલે ફિલ્મ બિઝનેસની હાલત ખરાબ કરી દીધી છે. લોકો સિનેમાઘરોની તરફ જઈ રહ્યા નથી. ચૂંટણી માહોલના લીધે ફિલ્મો પહેલાં જ વીકએન્ડમાં ૩૦%થી વધુનો બિઝનેસ કરી શકી નહી. જોકે ફિલ્મ 'કલંક'ની એડવાન્સ બુકિંગ એક અઠવાડિયા પહેલાં શરૂ થઈ ગઈ છે તો આ અંદાજો લગાવી શકાય કે પહેલાં અઠવાડિયામાં 'કલંક' ફેંસને પોતાની તરફ આકર્ષિક કરી લે નહીતર ચૂંટણી માહોલની અસર ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શન પર જરૂર જોવા મળશે.

વરિષ્ઠ પત્રકાર અને ફિલ્મ ક્રિટિક ઈંદર મોહન પન્નૂનું માનવું છે કે લોકો સિનેમાઘરોની તરફ ત્યારે જાય છે જ્યારે તેમને એન્ટરટેનમેંટની જરૂર હોય છે. આ ચૂંટણી માહોલ લોકો ઘરેબેઠા એન્ટરટેન થઈ રહ્યા છે. રાજકીય પાર્ટીઓની નિવેદનબાજી, એનિમેશન, હંસી મજાક અને વ્યંગ દર્શકોની એંટરટેનમેંટના ખોરાકને શાંત કરે છે. આ કારણે જ સિનેમાઘરોની તરફ જતા નથી, જેની અસર ફિલ્મોના બોક્સ ઓફિસ કલેક્શન સ્પષ્ટ જોવા મળે છે.

ફિલ્મ 'કલંક' મેગા બજેટ, મલ્ટીસ્ટાર૨ ફિલ્મ છે. સ્પષ્ટ છે કે આ એક્ટર્સના ફેન્સ ફિલ્મ જોવા જરૂર જશે. પરંતુ સંખ્યા ચૂંટણી માહોલના લીધે ઓછી હશે. જોકે ફિલ્મને ઘણી હજારો સ્ક્રીન્સ પર એકસાથે રિલીઝ કરવામાં આવી રહી છે. અંદાજો છે કે પહેલાં અઠવાડિયામાં ફિલ્મ એક મોટા આંકડાને પાર કરશે. જેમ કે તમે બધા જાણો છો કે બોક્સ ઓફિસ કલેક્શન કોઈપણ ફિલ્મની સફળતા અને અસફળતાનું માપદંડ હોય છે એવામાં જોવાનું એ હશે કે ચૂંટણી મહોલમાં ફિલ્મ ફેન્સને આકર્ષિત કરી રેકોર્ડ તોડે છે.

ભારત-પાક ક્રિકેટ મેચ કોઈ જંગથી ઓછી નથી: વિરેન્દ્ર સહેવાગ

પણજી

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગનું કહેવું છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ કોઈ જંગથી ઓછી નથી. અહીં ગોવા ફેસ્ટ કાર્યક્રમમાં પહોંચેલા સેહવાગે રાજનીતિ સાથે જોડાયેલા સવાલોને નકારી દીધા હતા. તેણે આ સાથે કોઈપણનું નામ લીધા વગર તે વાત પર ભાર આપ્યો કે લોકોને તેવા નેતાની પસંદગી કરવી જોઈએ જે ઝડપથી નિર્ભય લઈ શકે.



વિશ્વ કપમાં પાકિસ્તાન વિરુદ્ધ ભારતના રમવા વિશે તેણે કહ્યું, આ મામલામાં બે વાતો પર ચર્ચાઓ થઈ રહી છે. શું પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધ થવું જોઈએ કે નહીં અને શું આપણે પાકિસ્તાન વિરુદ્ધ રમવું જોઈએ. ત્યારબાદ તેણે કહ્યું, આપણે તે કરવું જોઈએ જે દેશના હિતમાં હોય. જ્યારે ભારત પાકિસ્તાન વિરુદ્ધ રમે છે તો તે કોઈ જંગ કરતા ઓછી નથી. આપણે જંગ જીતવો જોઈએ, હારવો જોઈએ નહીં.

વીરેન્દ્ર સેહવાગે એક સવાલ પર ચેન્નઈના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની ટીકા કરી. તેણે કહ્યું કે, ધોની પર આઈપીએલના નિયમોના ઉલ્લંઘન કરવાને કારણે બે કે ત્રણ મેચનો પ્રતિબંધ લગાવવાની જરૂર હતી. ધોની રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ રમાયેલા મેચમાં અમ્પાયરના નિર્ણય વિરુદ્ધ ડગઆઉટથી મેદાન પર આવી ગયો હતો. વીરૂએ કહ્યું, જો તેણે આ ભારતીય ટીમ માટે કર્યું હોત તો હું ખુશ હોત. મેં તેને ભારતીય ટીમની આગેવાની સમયે આટલા ગુસ્સામાં જોયો નથી. ચેન્નઈ માટે તે થોડો વધુ ભાવુક થઈ રહ્યો છે.

વીરૂએ આ પહેલા દેશભરના મતદાતાઓને મતાધિકારનો ઉપયોગ કરવાની અપીલ પણ કરી હતી. તેણે બુધવારે કહ્યું હતું કે, મત ન આપવા પર તે સરકારને ફરિયાદ કરવાનો અધિકાર પણ ગુમાવી દે છે. વીરૂ તે ખેલ હસ્તિઓમાં સામેલ છે જેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકોને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે અપીલ કરવાનું કહ્યું હતું.

બુમરાહ, હાર્દિક પંડ્યા સહિત આ ૮ ખેલાડીઓ પ્રથમ વખત વિશ્વકપ રમશે



મુંબઈ

વિશ્વ કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ભારતીય ટીમ ત્રણ ફાસ્ટ બોલર, ત્રણ સ્પિનર અને બે ઓલરાઉન્ડર સાથે આ વિશ્વકપમાં જવાની છે. ભારતીય ટીમમાં રિષભ પંતના સ્થાને દિનેશ કાર્તિકનો સમાવેશ કરવામાં આવ્યો છે. તો ટીમમાં ૭ ખેલાડીઓ એવા છે જે આ પહેલા વિશ્વ કપમાં રમી ચુક્યા છે. તો ૮ ખેલાડીઓ પ્રથમ વખત વિશ્વ કપમાં રમશે. કેએલ રાહુલ, વિજય શંકર, કેદાર જાધવ, દિનેશ કાર્તિક, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, હાર્દિક પંડ્યા અને જસપ્રીત બુમરાહનો આ પહેલો વિશ્વ કપ હશે.

આ ૭ ખેલાડીઓ પહેલા વિશ્વ કપમાં રમી ચુક્યા છે : વિરાટ કોહલી, રોહિત શર્મા, શિખર ધવન, એમએસ ધોની, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ શમી અને રવિન્દ્ર જાડેજા.

આ ૮ ખેલાડીઓ પ્રથમ વખત રમશે વિશ્વ કપ કેએલ રાહુલ વિજય શંકર કેદાર જાધવ

દિનેશ કાર્તિક (૨૦૦૭માં ધોનીના બેકઅપ તરીકે ટીમમાં હતો પરંતુ મેચ રમવાની તક ન મળી) યુજવેન્દ્ર ચહલ કુલદીપ યાદવ હાર્દિક પંડ્યા જસપ્રીત બુમરાહ

વિશ્વકપ ૨૦૧૯ માટે ભારતીય ટીમ વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા (વાઈસ કેપ્ટન), શિખર ધવન, કેએલ રાહુલ, વિજય શંકર, એમએસ ધોની, કેદાર જાધવ, દિનેશ કાર્તિક, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ શમી, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ, રવીન્દ્ર જાડેજા.

૨૦૧૫ની વિશ્વ કપ ટીમ : રવિચંદ્રન અશ્વિન, સ્ટુઅર્ટ બિન્ની, શિખર ધવન, એમએસ ધોની, રવિન્દ્ર જાડેજા, વિરાટ કોહલી, ભુવનેશ્વર કુમાર, અક્ષર પટેલ, અંજિકય રહાણે, સુરેશ રૈના, અંબાતી રાયડૂ, મોહમ્મદ શમી, મોહિત શર્મા, રોહિત શર્મા, ઉમેશ યાદવ.

વીકી કૌશલ અશ્વત્થામાનું પાત્ર ભજવશે



મુંબઈ

નિર્માતા રોની સ્ક્રૂવાલા અને નિર્દેશક આદિત્ય ધરની હિટ ફિલ્મ કર્યા પછી હવે વીકી કૌશલ આ બંને સાથે એક પિરિયડ વૉર ફિલ્મ કરવાનો હોવાની જાણકારી મળી હતી.

ફિલ્મ સર્જકના એક પ્રવક્તાએ કહ્યું કે ઊરી બની રહી હતી ત્યારેજ આ ફિલ્મની સ્ક્રીપ્ટ પણ લગભગ તૈયાર હતી. ઊરીને આટલો બધો જોરદાર પ્રતિસાદ મળશે એવી આ ફિલ્મ સર્જકોની કલ્પના નહોતી. ઊરીને જોરદાર પ્રતિભાવ મળતાં હવે જે ફિલ્મ હાથમાં લેવાના છે તેને મોટે પાયે બનાવવાની ફિલ્મ સર્જકની ઈચ્છા છે. ઊરીનીજ ટીમ ફરી એક થઈ રહી છે. રોની, આદિત્ય અને વીકી.

મહાભારતમાં પાંડવો અને કૌરવોના ગુરુ દ્રોણાચાર્યનો આ વીર પુત્ર અશ્વત્થામા હજુ ય જીવિત છે એવી લોકવાતો છે. એ લોકમાન્યતા પર આધારિત આ ફિલ્મ આ વર્ષના જ ઉત્તરાર્ધમાં ફ્લોર પર જશે.

વીકી પાસે હાલ તારીખો નથી. એ કરણ જોહરની મુઘલ ભાઈઓની કથા પર આધારિત તખ્ત કરવા ઉપરાંત એક અનટાઈટલ્ડ હોરર ફિલ્મ પણ કરી રહ્યો છે. આ બે ફિલ્મોની કામગીરી પૂરી કર્યા બાદ એ રોનીની આ ફિલ્મ શરૂ કરે એવી શક્યતા છે.

બોલિવૂડમાં આઉટસાઈડર્સને સારા રોલ મળતાં નથી : રકુલ પ્રીત સિંઘ

મુંબઈ

હોનહાર અભિનેત્રી રકુલ પ્રીત સિંઘે કહ્યું હતું કે બોલિવૂડમાં આઉટસાઈડર્સ એટલે કે ફિલ્મી પરિવારના ન હોય એવા કલાકારોને સારા રોલ મળતા નથી.

'જે પ્રતિભાવાન કલાકારો ફિલ્મી પરિવારના નથી હોતા એ આઉટસાઈડર્સ તરીકે ઓળખાય છે. તેમને સારા રોલ્સ મળતા નથી. તેમનો સંઘર્ષ સતત લંબાયા કરે છે. સેંકડો ઓડિશન્સ આપ્યા પછી પણ એમને પ્રતિભાને અનુરૂપ રોલ્સ મળતાં નથી' એવી રાવ રકુલે કરી હતી.

તાજેતરમાં રકુલે અજય દેવગણ અને તબુ અભિનિત ફિલ્મ દે દે પ્યાર દે ફિલ્મ કરી હતી. એણે કહ્યું કે મને અજય સરની ફિલ્મનો રોલ સારો લાગ્યો હતો એટલે મેં ફિલ્મ સ્વીકારી હતી. બાકી એક હકીકત છે કે તમે આઉટ સાઈડર હો તો બોલિવૂડમાં તમને સારા રોલ જલદી મળતા નથી. આ રોલ માટે મને વીસ પચીસ દિવસમાં દસ કિલો વજન ઊતારવાની સલાહ ડાયરેક્ટરે આપી હતી. મેં એને ચેલેન્જ ગણીને સ્વીકારી લીધી હતી અને દસ કિલો વજન ઊતાર્યું હતું.

અગાઉ રકુલે ૨૦૧૪માં યારીયાં અને ૨૦૧૮માં ઐયારી ફિલ્મ કરી હતી. બંને ફિલ્મો મધ્યમ સફળતાને વરી હતી. જો કે એનો યશ રકુલને મળ્યો નહોતો. એણે કહ્યું કે મને હવે બોલિવૂડમાં સારી તક મળતી થઈ છે અને એક અભિનેત્રી તરીકે મારી ઓળખ થવા માંડી છે એનો મને આનંદ છે.

કમાલ ખાને શાહરૂખને નિશાના પર લીધો: ૫ વર્ષથી કેમ આપી રહ્યા નથી હિટ ફિલ્મ



નવીદિલ્હી

૨૦૦૮માં આવેલી ફિલ્મ 'દેશદ્રોહી'થી પોતાના બોલીવુડ કેરિયરની શરૂઆત કરનાર અને પોતાના વિવાદિત ટ્વિટ્સના લીધે હંમેશા ચર્ચામાં રહેનાર કમાલ આર ખાન (કેઆરકે) ફરી એકવાર પોતાના જૂના અંદાજમાં જોવા મળ્યા. તેમણે રવિવરે (૧૪ એપ્રિલ)ના રોજ એક ટ્વિટ કરી બોલીવુડના 'બાદશાહ' શાહરૂખ ખાન પર સવાલ ઉઠાવ્યા. તેમણે આ ટ્વિટ દ્વારા જણાવ્યું કે આખરે કેમ ગત ૫ વર્ષોથી શાહરૂખ ખાન કેમ કોઈ મોટી હિટ ફિલ્મ આપી રહ્યા નથી.

કેઆરકેએ એક ટ્વિટ કરતાં લખ્યું કે એસઆરકે (શાહરૂખ ખાન) કેમ ગત ૫ વર્ષોથી કોઈ મોટી ફિલ્મ આપી શકતા નથી? તે એક સુપરસ્ટાર છે, સારા એક્ટર છે, એક સારા બિઝનેસમેન પણ છે, પરંતુ તે વિચારે છે કે એક સારી ફિલ્મ બનાવવા વિશે તે બધુ જાણે છે, આ સમસ્યા છે. કેઆરકે એ પોઈન્ટ્સ બનાવી તે લોકોને સમજવાનો પ્રયત્ન કર્યો. જોકે અત્યાર સુધી શાહરૂખ ખાનને કેઆરકેના આ ટ્વિટ પર પોતાનું કોઈ રિએક્શન આપ્યું નથી.

તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ શાહરૂખ ખાનને ધ યૂનિવર્સિટી ઓફ લંડને ફિલાંથ્રોપી સબજેક્ટમાં ડોક્ટરેટની ઉપાધિ આપી છે. આ જાણકારી શાહરૂખે પોતાના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ આપી હતી. શાહરૂખ માટે પહેલી ઉપલબ્ધિ નથી, તેનાથી પહેલાં ૨૦૦૯માં યૂનિવર્સિટી ઓફ બેડફોર્ડશાયર અને વર્ષ ૨૦૧૫માં તેમને યૂનિવર્સિટી ઓફ એડિનબર્ગમાંથી પણ માનદ ઉપાધિથી નવાજવામાં આવ્યા છે. શાહરૂખ ખાન છેલ્લે 'ઝીરો'માં જોવા મળ્યા હતા. જોકે ઈન્ડીયન બોક્સ ઓફિસ પર આ ફિલ્મ કંઈ ખાસ કમાલ કરવામાં અસફળ સાબિત થઈ હતી.

આ ફિલ્મમાં શાહરૂખ ખાને એક ઢીગણા વ્યક્તિનું પાત્ર ભજવ્યું છે જે સેરેબ્રલ પાલ્સીનો શિકાર (અભિનેત્રી અનુષ્કા શર્મા) વૈજ્ઞાનિક અને એક પ્રસિદ્ધ અભિનેત્રી (કેટરીના કૈફ)ને પ્રેમ કરે છે.

આઈપીએલના અંતિમ તબક્કાથી વોર્નર-સ્મિથ બહાર રહી શકે છે



નવીદિલ્હી

ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપ ટીમમાં પસંદ કરાયેલ બેટ્સમેન ડેવિડ વોર્નર અને સ્ટીવ સ્મિથ આ મહિનાના અંતમાં પોતાની આઈપીએલ ટીમ છોડીને બે મેથી શરૂ થઈ રહેલા નેશનલ ટીમના અભ્યાસ સત્રમાં ભાગ લેશે. સ્મિથ અને વોર્નર આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદની સાથે રમી રહ્યાં છે.

બંન્નેએ એક વર્ષના પ્રતિબંધ બાદ વાપસી કરી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કહ્યું, આઈસીસી વિશ્વ કપ માટે પસંદ કરાયેલા ૧૫ સભ્યોની ટીમ બે મેથી બ્રિસબેનમાં રાષ્ટ્રીય ક્રિકેટ સેન્ટર પર પ્રેક્ટિસ કરશે.

વાર્નર આઈપીએલમાં ૪૦૦ રન બનાવીને ઓરેન્જ કેપ હાસિલ કરી ચુક્યો છે, જ્યારે સ્મિથે સાત મેચોમાં ૧૮૬ રન બનાવ્યા છે. રાજસ્થાને ૩૦ એપ્રિલે આરસીબી અને ચાર મેએ દિલ્હી સામે મેચ રમવાની છે. તો સનરાઈઝર્સનો સામનો બે મેએ મુંબઈ અને ૪ મેએ આરબીસી સામે થશે.

ફાસ્ટ બોલર જૈસન બેહરેનડોર્ફ અને ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસને પણ વિશ્વ કપની ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે,

જે આ મહિનાના અંતમાં મુંબઈ અને આરસીબીને છોડી દેશે. ઓસ્ટ્રેલિયાએ વિશ્વકપની પ્રથમ મેચ એક જૂને અફગાનિસ્તાન સામે રમવાની છે.

ઈશ્ક છુપતા નહીં છુપાનેસે

પ્રમોશન દરમિયાન આલિયાએ વરુણના સ્થાને રણબીર કપૂર બોલી નાખ્યું

મુંબઈ

એમ કહેવાય છે કે પ્રેમ છૂપો રહેતો નથી. છૂપો રાખવાનો પ્રયાસ કરો તો પણ છૂપો રહેતો નથી. તાજેતરમાં એવું આલિયા ભટ્ટ સાથે બની ગયું કે એ પોતાનો પ્રેમ છૂપો રાખી શકી નહીં.

ખમતીધર ફિલ્મ સર્જક કરણ જોહરની ફિલ્મ કલંકના પ્રમોશન માટે ફિલ્મની આખીય ટીમ એક ટીવી શોમાં હાજર હતી. આલિયાની પાછળ રહેલો વરુણ વારંવાર પાછળથી આલિયાના વાળ ખેંચીને એને સતાવતો હતો. આલિયા એને વારી રહી હતી. બે ચાર વખત એવું બન્યું ત્યારે આલિયાના મનની વાત બહાર પડી ગઈ હતી. વરુણને બદલે એ એમ બોલી ગઈ હતી કે રણબીર રહેવા દે ને...

હાજર રહેલા સૌ એક ક્ષણ માટે ચોંકી ગયાં હતાં કારણ કે રણબીર તો ત્યાં હતોજ નહીં. એની પાછળ વરુણ ધવન હતો. યોગાનુયોગે વરુણ અને આલિયા બંનેએ કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઑફ ધી યર (૨૦૧૨)થી અભિનય કારકિર્દી શરૂ કરી હતી અને બંને ટૂંકા સમયગાળામાં એ લિસ્ટના કલાકારોની યાદીમાં આવી ગયાં હતાં.

કોંગ્રેસના જુના જોગી અને ભાજપના નવા નિશાળીયા સામે એનસીપી મેદાને



લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ખાસ કરીને સુરેન્દ્રનગર બેઠક પર લોકોનો મદાર વધારે જાવા મળે છે. સામાન્ય રીતે સુરેન્દ્રનગર લોકસભાની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર વિજય થતા હોય છે પરંતુ આ વખતે કોંગ્રેસ બેઠક પર અપક્ષ સહિત એનસીપીના ઉમેદવારે ઉમેદવારી નોંધાવતા આ બેઠક રસપ્રદ બનવા પામી હોવાનું જણાઈ આવે છે. મતદારોના મતો મુજબ મોટા ભાગે ભાજપ - કોંગ્રેસના બન્ને પક્ષોના એક તબકે જણાઈ આવે છે આવા ટાણે જ સુરેન્દ્રનગર લોકસભાની ચૂંટણીમાં એનસીપીના ઉમેદવાર હળવદ તાલુકાના સુંદરીભવાની ગામના ખેડૂત આગેવાન ઘોઘજીભાઈ કાનજીભાઈ રાજપુતને ટિકીટ અપાતા આ ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ જાવા મળી રહ્યો છે. અને ચૂંટણી રસપ્રદ તબક્કામાં હોવાનું જણાઈ આવે છે.

રાજપુત સમાજના અને ખેડૂત આગેવાન એવા ઘોઘજીભાઈ કાનજીભાઈ રાજપુત પાછલા ૩૦ વર્ષથી રાજકારણમાં સક્રીય રહ્યા છે અને ખેડૂતોના નાના - મોટા કામ માટે સદાય અગ્રેસર રહી પોતાની આગવી લોકચાહના ઉભી કરી છે.

આવા સમયે જ એનસીપીએ લોકસભાની સુરેન્દ્રનગર બેઠક પર ઘોઘજીભાઈને ટિકીટની ફાળવણી કરાતા હળવદ ઉપરાંત લોકસભાના વિસ્તારના ૨.૫૦ લાખથી વધુ રાજપુત સમાજના મતો ઘોઘજીભાઈની તરફેણમાં પડે તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. જ્ઞાતિવાદના ધોરણે ચાલી રહેલ આ વખતની ચૂંટણીમાં મતોનો ધ્રુવીકરણ થતા અને કોંગ્રેસ-ભાજપના બન્ને કોળી - પટેલના બે ઉમેદવારો ભાજપ-કોંગ્રેસના મતદારો કોને ભેગા ચાલશે તે કહેવું મુશ્કેલ છે. આવા ટાણે જ ખેડૂતોના દરેક કામમાં દોડતા ઘોઘજીભાઈ પરમાર મેદાન મારી જાય તો તે પણ નવાઈ નહીં. ઘોઘજીભાઈનો સંપર્ક કરતા તેમણે જણાવેલ કે, મારા મતક્ષેત્ર વિસ્તારમાંથી ૪૦૦થી વધુ ગામડાઓનો સંપર્ક કરી ચુકયો છું અને તમામ જ્ઞાતિનો પ્રતિસાદ સાંપડી રહ્યો છે અને તમામ ગ્રામ્ય વિસ્તારમાંથી મને ઠેરઠેર આવકાર મળી રહ્યો છે. વિશેષમાં જણાવ્યા મુજબ જા ચૂંટણીમાં હું જીતીશ તો ખેડૂતલક્ષી કામનો મુદ્દો મારો પ્રથમ રહેશે. સાથે જ પાક વીમાના જિલ્લાનો પ્રશ્ન તે પણ મારા મતે મુખ્ય રહેશે.

ક્રિકેટ સટ્ટાનો પર્દાફાસ કરી આરોપીને ઝડપી પાડતી ભરૂચ એસ.ઓ.જી.



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અને માર્ગદર્શન આધારે હાલમાં ક્રિકેટ આઈપીએલ-૨૦૧૯ ની ટી-૨૦ સીરીઝ ચાલુ હોય અને તેના ઉપર કેટલાક જુગારીયા મેચની હારજીત, રન, ફોર-સિક્સ, વિકેટ વિગેરે પર ઓનલાઈન જુગાર રમતા હોય તેવી બાતમી હે.કો. ધર્મેદ્રભાઈ જુલાલભાઈ નાઓને આધારભુત રીતે મળેલ કે ભરૂચ અયોધ્યા નગર સોસાયટી મકાન નંબર-૨૨૩૮ માં ભાડાના મકાન માં રહેતા પ્રતિકભાઈ જયકુમાર રાણા નાઓ હાલમાં કીંગ ઈલેવન પંજાબ સામે રાજસ્થાન રોયલ સાથે ક્રિકેટ ટી-૨૦ મેચ જેનુ સીધુ પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ-૨ હિન્દી ચેનલ ઉપર લાઈવ ચાલુ હોય ટી.વી., લેપટોપ તથા મોબાઈલ ફોનો રાખી ઈન્ટરનેટના માધ્યમથી ક્રિકેટ સટ્ટો રમે છે,જે બાતમી હકિકત આધારે એસ.ઓ.જી. પો.ઈન્સ. પી.એન. પટેલ તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા રેઈડ કરતા પ્રતિકભાઈ જયકુમાર રાણા રહે.ભરૂચ અયોધ્યા નગર સોસાયટી મકાન નંબર-૨૨૩૮ નાઓ ક્રિકેટ સટ્ટાના સાધન-સામગ્રી મોબાઈલ, લેપટોપ, કેલકયુલેટર, ટી.વી. વિગેરે કુલ કી.રૂ.૩૭,૮૦૦/- ના ક્રિકેટ સટ્ટો રમવાના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. જે અંગેની તપાસ એસ.ઓ.જી. શાખા ભરૂચ નાઓ ચલાવી રહેલ છે.

લોકસભા ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપને મોટો ઝટકો



રાજપીપળા : આગામી ૨૩મી એપ્રિલે ગુજરાત લોકસભાની ૨૬ બેઠક માટે ચૂંટણી યોજાવાની છે ત્યો ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૂંટણી માટે પ્રચાર જોર શોરથી ચાલી રહ્યો છે ગુજરાતની ૨૧ છોટાઉદેપુર લોકસભા બેઠક પર કોંગ્રેસમાંથી રણજિતસિંહ રાઠવા અને ભાજપમાંથી મહિલા ઉમેદવાર ગીતાબેન રાઠવા મેદાને છે.ત્યારે ચૂંટણીને આંગળીના વેઢે ગણી શકાય તેટલાજ દિવસો બાકી છે એ પેહલા જ ભાજપને મોટો ફટકો પડયો છે.

છોટાઉદેપુર લોકસભા બેઠક માટે કોંગ્રેસના ઉમેદવાર રણજિતસિંહ રાઠવા નાંદોદ વિધાનસભાના ગરૂડેશ્વર તાલુકાના ચૂંટણી પ્રચાર માટે રાજયસભા સાંસદ નારણસિંહ રાઠવા, ધારાસભ્ય પી.ડી. વસાવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવા, નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેન્દ્ર વાળંદ સહિતના આગેવાનો સાથે ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા હતા.દરમિયાન નાંદોદ તાલુકા પંચાયતના પૂર્વ મહિલા પ્રમુખ ભાજપના મીનાબેન તડવી પોતાના સમર્થકો સાથે ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસમા જોડાઈ ગયા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં નાંદોદ બેઠક માટે ગરૂડેશ્વર વિસ્તાર માંથી જ મોટો ફટકો પડવાથી ભાજપને હાર સહન કરવી પડી હતી અને લોકસભા ચૂંટણી ટાણેજ હવે આ જ વિસ્તારના એક મહિલા આગેવાને કોંગ્રેસનો ખેસ ધારણ કરતા લોકસભા ચૂંટણીમાં ભાજપ માટે મુશ્કેલીઓ ઉભી થઈ શકે છે.

બાઈક પર ઉઠાવી જઈ ૧૬ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચરતા ખળભળાટ

સુરત

વ્યારાથી માંડવી તરફ પગપાળા જતી ૧૬ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવીને બે યુવાનો તેણીને મોટરસાઈકલ ઉપર બેસાડી લઈ જઈ એક યુવાને તેણી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ સગીરાની માતાએ વ્યારા પોલીસ મથકે કરી હતી.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર વ્યારા ખાતે સંબંધીના ઘરે રહેતી ૧૬ વર્ષીય સગીરા કોઈક કારણોસર સંબંધીઓને કોઈપણ જાણ કર્યા વિના પોતાનાં માતા-પિતાના ઘરે જવા માટે નીકળી ગઈ હતી. વ્યારાથી પગપાળા જ માંડવી તરફ જઈ રહેલી સગીરાને કટાસવાણ ગામે અંતિક મૂળજીભાઈ ચૌધરી નામનો યુવાન તેના મિત્ર સાથે મળ્યો હતો. અંકિતે સગીરાને લગ્ન કરવાની લાલચ આપી પટાવી ફોસલાવીને પોતાની સાથે મોટરસાઈકલ ઉપર બેસાડીને લઈ ગયા હતા. સગીરાનું અપહરણ કર્યા બાદ તેણીને યુવાન બારડોલી અને દઢવાડા ગામે જુદા જુદા સ્થળે લઈ જઈ તેણીની મરજી વિરુદ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના અંગે વ્યારા પોલીસ મથકે સગીરાની માતાએ અંકિત ચૌધરી સામે ફરિયાદ કરી હતી.



BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47



BULK WATSAAP MARKETD BY MARKET4U 757506846-47

રાજપીપળાની એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં પરીક્ષામાં ગેરરીતિ થતી હોવાની બૂમ ઉઠતા ચકચાર



તારીખ ૮ એપ્રિલ થી ૧૬ એપ્રિલ સુધી ચાલેલી આ પરીક્ષાના અંતિમ દિવસે છેલ્લા પેપરનો ૩૦ જેવા વિદ્યાર્થીઓએ આ ગેરરીતિ ના વિરોધમાં બહિષ્કાર કરી અંતિમ પેપર છોડી ચાલ્યા ગયા હતા છતાં મેનેજમેન્ટ મૌન રહેતા કોની સંડોવણી કે કોના ઈસારે આ ગેરરીતિ થઈ હશે એ શંકા



જોકે સત્તાધીશો આ વાતને નકારો આપી તપાસ કરાવવાની વાત કરે છે એ કેટલી સાચી અને આ બાબતે પ્રામાણિકતાથી તપાસ થશે ખરી ...? તેવો વિદ્યાર્થીઓ સવાલ કરી રહ્યા છે

રાજપીપળા : નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે આવેલ એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં હાલમાં ચાલુ પરીક્ષામાં ગેરરીતિનો કિસ્સો બહાર આવ્યો હોય શિક્ષણ વિભાગ માં ભારે ચર્ચા પકડી છે .

હાલમાં TYBSc.ની ચાલુ પરીક્ષામાં જવાબવહી આંશર સીટ બારકોડ સ્ટીકર સાથે એકદમ કોરી બહાર આવી આખું પેપર સોલ થયા બાદ પરીક્ષા ખંડમાં જેતે નક્કી કરેલા વિદ્યાર્થીના સીટ નંબર લખાયને અન્ય વિદ્યાર્થીઓની આંશર સીટ સાથે મુકાય જવાની ઘટના પરીક્ષાના પહેલા પેપરથી જ બની રહી હોવાની જાણ તેની કોરી આન્સર સીટના પુરાવા સાથે મળતા અનેક સવાલ ઉભા થયા હતા ત્યારે આ બાબતે એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના આચાર્ય શૈલેન્દ્રસિંહ માંગરોલાને આ બાબત પૂછતાં આવો કોઈ બનાવ અહી બન્યો નથી તેમ જણાવ્યું હતું પરંતુ જ્યારે ઓરીજનલ કોરી આન્સર સીટ બારકોડ સ્ટીકર સાથે આચાર્યને બતાવતા આ ઘટનાની અમે તપાસ કરાવીને જરૂર પગલાં લઈશુ તેમ તેમણે જણાવ્યુ હતું

તેમજ ત્યાં પરીક્ષાના સુપરિટેન્ડન્ટ શ્રીમતિ મધુબેન વસાવાને આ બાબતે પૂછતાં આવી કોઈ ઘટના બની હોય તેની અમને કોઈ જાણ નથી અને અહીયા અમારી દેખરેખ માજ બધું કાર્ય થતું હોય છે જેથી અમે આની તપાસ કરાવીશું તેવી ખાતરી આપી હતી.

આશ્ચર્યની વાત એ છે કે સુરત યુનિવર્સીટી દ્વારા પરીક્ષામાં ગેરરીતિ ના થાય તેની દેખરેખ માટે ઓબસર્વ અધિકારીની નિમણૂક કરવામાં આવે છે પરંતુ જ્યારે તેમને આ ગેરરીતિ બાબતે પૂછ્યું ત્યારે હું આનો કોઈ જવાબ આપીશ નહી તેમ કહી મીડિયા થી દુર ભાગીને કોલેજ ના કોઈ રૂમમાં આ અધિકારી જતા રહ્યા હતા તો એ શું સુચવે છે...?!


આ કોલેજમાં TYBSc ના વિષયની જ પરીક્ષા આપતા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા જાણવા મળ્યું હતું કે પહેલા પેપરથી જ આ કોલેજ આવી ગેરરીતિ ચાલી રહી છે સગા કે ઓળખીતા હોય તેમજ અમીર લોકોના બાળકોના સમયે પરીક્ષા ખંડના કેમેરા બંધ કરી દેવામાં આવે છે અને એકજ વિષયના બે વિદ્યાર્થી ઓને સાથે બેસીને પરીક્ષા આપવા દેવામાં આવે છે તેમજ આ ગેરરીતિમાં કોઈ વિદ્યાર્થી ઓબસર્વ ઓફિસમાં જઈ શકતો નથી તો ગણતરીની આવેલ જવાબવહી બહાર કોણે પહોંચાડી હશે....? એ મોટો સવાલ છે. ત્યારે આ ગેરરીતિમાં આ કોલેજમાં કોની કોની મિલિભગત હોય શકે છે અને તેની તટસ્થ તપાસ થવી જોઈએ નહીતર આ પરીક્ષા રદ કરી પુનઃ પરીક્ષા લેવી જોઈએ જેથી કોઈ હોશિયાર વિદ્યાર્થી સાથે અન્યાય ના થાય તેમ અન્ય વિદ્યાર્થીઓમાં ચર્ચાઈ રહ્યું હતું.

તને રોજ જમવા માટે બૂમો પાડવી પડે છે એટલું જ કહેતા યુવાને ઝેરી દવા પિતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતપરા ગામમાં યુવાનને જમવા બાબતે ટકોર કરતા તેણે ઝેરી દવા પિતા તેનું મોત થયું હતું .

પ્રાપ્ત વિગતો અનુસાર જીતપરા ગામમાં રહેતા નારણભાઈ ચુનીલાલ તડવી એ આપેલી ફરિયાદ મુજબ તેનો પુત્ર રતિલાલ (૨૨) ને તેન માતા પિતાએ જમવાનો સમય થઈ જાય છે પણ તારો સમય થતો નથી દરરોજ તને જમવા માટે બુમો પાળવી પડે છે તેમ કહેતા મનમા લાગી આવતા ઘરના વાડામા જઈ પોતાની જાતે ઝેરી દવા પી જતા સારવાર માટે રાજપપીપળા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ જ્યા સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું.

માતાને માથામાં હથોડી મારી હત્યા કરનાર પુત્રની ધરપકડ



સુરત

ખોલવડ ગુરૂકુપા સોસાયટીમાં રહેતા યુવાન પુત્રએ માતાને માથાના ભાગે હથોડી મારી ઘરના દરવાજાને તાળું મારી હત્યા કરી નાસી છૂટ્યો હતો. આ ઘટનામાં માતાને મારનાર પુત્રને કામરેજ ચાર રસ્તા બ્રીજ નીચેથી પકડી પાડયો હતો.

મહારાષ્ટ્રના ધૂલિયા ખાતે રહેતા અને હાલ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ખોલવડ ગામની હદમાં ગુરૂકુપા સોસાયટીમાં રહેતા પુત્ર અમુત બચુભાઈ થોરી સાથે માતા મંગુબહેન બચુભાઈ થોરી (ઉ.વ.૫૫)ની એક અઠવાડીયા અગાઉ પુત્રએ માથાના ભાગે હથોડી મારી લોહીલુહાણ કરી પુત્ર મકાનને તાળુ મારી જતો રહ્યો હતો. માતાને મળવા આવેલી પુત્રીએ માતાને લોહીલુહાણ હાલતમાં બારીમાંથી જોતાં બુમાબુમ કરી હતી. આડો પાડોશના લોકોને બોલાવતા સારવાર માટે મંગુબહેનને સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. ટૂંકી સારવાર દરમિયાન મંગુબહેનનું મોત નીપજતાં કામરેજ પોલીસે માતાને મારનાર પુત્ર સામે હત્યાની ફરિયાદ નોંધી હતી. હત્યારો પુત્ર ફરાર થઈ ગયો હતો.

તળાવમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી

સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં કન્યાસી ગામે આવેલ મચ્છીના તળાવમાંથી એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે યુવાનની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં કન્યાસી ગામે પંચાયત ફળિયામાં રહેતા નફીશભાઈ યુસુફભાઈ મનસુર નાઓનું કન્યાસી ગામે શિવકૃપા સખી મંડળ નામનું મચ્છીનું તળાવ આવેલ છે. તા-૧૬ એપ્રિલના રોજ તળાવના પાણીમાંથી એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ યુવાન ૩૦ થી ૩૫ વર્ષની વયનો જણાતો હતો. બનાવ અંગે નફીશભાઈએ કીમ પોલીસને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી અજાણ્યા યુવાનના મૃતદેહનો કબ્જો લઈ યુવાનની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી છે.

અપહરણ તથા પોક્સો ગુના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી ભરૂચ એસ.ઓ.જી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અને માર્ગદર્શન આધારે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની ઝુબેશ અન્વયે એસ.ઓ.જી.ભરૂચના પોલીસ ઈન્સપેકટર પી.એન.પટેલ તથા પો.સ.ઈ. કે.એમ.ચૌધરી તથા પો.સ.ઈ. એસ.એન. ગોહિલ તથા એસ.ઓ.જી. પોલીસ માણસો એ.ટી.એસ. ચાર્ટર મુજબની કામગીરીમાં હતા દરમ્યાન એ.એસ.આઈ જસવંતસીંહ ભીમસીંહ બ.નં. ૮૩૨ ની અંગત બાતમી આધારે વાગરા પો.સ્ટે.ગુ.ર.નંબર-૧-૦૫/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬ પોક્સો એક્ટ ૧૨ મુજબવિગેરે મુજબના કેસમાં છેલ્લા દોઢ માસ નાસતો ફરતો આરોપી શાનવાઝ મોહમંદ સાદીક જાતે દિવાન ઉ.વ ૨૨ મુલેર ગામ તા.વાગરા જી.ભરૂચ નાને ભરૂચ એસ.ટી ડેપો થી તા.૧૭/૦૪/૨૦૧૯ ના રોજ ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

સાગબારાની ધનસેરા ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ કરતી પોલીસ કાયમ માટે દારૂ બંધીનો કડક અમલ કરે એ જરૂરી

લોકસભા ચૂંટણી ને ગણતરીના દિવસો બાકી છે ત્યારે પોલીસ દ્વારા ત્યાં કડક ચેકીંગ હાલ ચાલી રહ્યું છે, નર્મદાના સાગબારા પોલીસની હદમાં આવતી ધનસેરા ચેક પોસ્ટ કે જે વારંવાર વિદેશી દારૂની હેરાફેરી માં વગોવાયેલી છે ત્યાં હાલ આ કડક ચેકીંગ થઈ રહ્યું છે છતાં સમયાંતરે ત્યાં વિદેશી દારૂનો જથ્થો પકડાય છે એ શું નાટ્યાત્મક છે ...? ગુજરાતમાં દારૂ બંધીનો અમલ કેટલો યોગ્ય થઈ રહ્યો છે અને દારૂની હેરાફેરીમાં કોની રહેમ નજર છે આ વાત ગુજરાતની પ્રજા જાણેજ છે ત્યારે દારૂ બંધી હોવા છતાં બુટલેગરો હેરાફેરીની હિમ્મત ક્યાંથી કરે છે એ પણ સૌ જાણે છે છતાં ચૂંટણી ટાણે કડક અમલ દેખાડનારા પોલીસ વિભાગ અધિકારી કે કર્મચારીઓ આવી કેટલીય ચેક પોસ્ટ ઉપરથી પસાર થતા દારૂના નાના મોટા વાહનો પર કાયમ માટે બાઝ નજર રાખી કાયદાનો કડક અમલ કરે એ જરૂરી છે અને જ્યારે જ્યારે દારૂ પકડાય છે ત્યારે ફક્ત મુદ્દામાલ સાથે વાહન ચાલાક ને પકડી કેશ બને છે જ્યારે મુખ્ય માથા ફરાર થાય છે માટે ફક્ત વાઉચરોને પકડતી પોલીસ દારૂ સપ્લાય કરતા મુખ્ય માથાઓને પકડી ગુજરાતમાં દારૂ બાંધીનો કડક અમલ કરે એ જરૂરી છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

ભૂમાલિયા ગામે બે વર્ષ પહેલા થયેલા ઝગડાની રીસ રાખી બે પરિવારો વચ્ચે ધીગાણું : ૧૦ ને ઈજા

લગ્નના વરઘોડામાં નાચવા બાબતે થયેલો ઝગડો બે વર્ષ બાદ યાદ આવતા મારામારી

રાજપીપળા: ભૂમાલિયા ગામે ૨૦૧૭ માં લગ્ન હોય જેમાં વરઘોડામાં નાચવા બાબતે બે પરિવારો વચ્ચે ઝગડો અને બોલાચાલી થઈ હતી. જે બાબત આજે બે વર્ષ બાદ યાદ આવતા જૂના ઝગડાની અદાવતે ગત રોજ સામસામે આવી જતા પહેલા સામાન્ય બોલાચાલી અને ઝપાઝપી થઈ જેમાં છુટ્ટાહાથે મારામારી થતા બને પરિવારોના લોકો દોડી આવ્યા અને બાદમાં મોટું ધીગાણું સર્જાયું

કેવડિયા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાઈ જેમાં એક ફરિયાદ માં તરુણ નરસીગ તડવી એ ફરિયાદ કરી હતી કે ૨૦૧૭ માં ગામના દિપક હરેન્દ્ર તડવીના લગ્ન હતા ત્યારે જેના વરઘોડામાં નાચવા બાબતે ધક્કામુક્કી થઈ હતી જેમાં મનીષ ઉર્ફે મનોજ ચંદુ તડવી એ તરુણ તડવીની ફેંટ પકડી બહાર લઈ જઈ બાકીનાએ તેની સાથે ઉપરાણું લઈ મારામારી કરી હતી. જેની રીશ રાખી ગત રોજ ભુમલિયાના તરુણ સામે મળતા મનીષ તડવી, ઉમંગ તડવી, પ્રદીપ તડવી, કોઠી ગામના સચિન તડવી, જેસીંગ તડવી, ચંદુ તડવી, સહીત તમામે મારામારી કરી જ્યારે સામે તરુણ તડવી, કોઠીનાં સંદીપ તડવી, હેમરાજ તડવી, ભકી દિનેશ તડવી, કિરણ બારીયા, અજય તડવી, આમદલાના જયદીપ તડવી સહિતના યુવાનો સામ સામે આવી જઈ છુટ્ટા હાથની મારામારી કરીને પથ્થર મારો કર્યો હતો. જેમાં ૧૦ જેટલાને નાની મોટી ઈજા પહોંચી હતી. આ બાબતે કેવડિયા પોલીસ સ્ટેશનમાં પોલીસે સામસામે કુલ ૧૪ જેટલા વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશાખબર... ખુશાખબર... ખુશાખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847